

શ્રી સ્વામિનારાયણ

September 2009 Rs. 5/-



જલઝીલણી એકાદશી
વામન જયંતી

પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧
Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1




હર્ષદ કોલોની સભામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે શા.સ્વા. નિર્ગુણદાસજી તથા અન્ય સંતો



હર્ષદ કોલોની મંદિરમાં મહાપૂજામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી



અસારવા શ્રી સહજાનંદ ગુરુકુળના વિદ્યાર્થીઓને ગુરુમંત્ર આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી - સાથે શા.સ્વા. નિર્ગુણદાસજી



જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીનું પૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી




સિધ્ધપુર (નૂતન) મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજે અદ્‌ભુત પરચા રૂપે કુમકુમના અલૌકિક ચરણારવિંદ પાડ્યા તેનું નિરીક્ષણ કરી દર્શન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી



કાંકરિયા મંદિરમાં શ્રાવણ માસમાં સિધ્ધેશ્વર મહાદેવનો અભિષેક કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી



સર્વોપરિ શ્રી નરનારાયણદેવ સમક્ષ અલૌકિક હિંડોળા દર્શન.



संस्थापक

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com
ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)
પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારોયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ : ૩ અંક : ૨૯ સિતમ્બર ૨૦૦૯

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	3
3.	શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ	૪
૪.	ઈષ્ટદેવનો ખબરદાર થઈ મહિમાએ સહિત નિશ્ચય રાખે	૫
૫.	તીર્થ વિધિ નિરૂપણ વર્ણન	૭
૬.	ભગવાનના અવતારનો હેતુ	૮
૭.	સર્વ શુભગુણોથી શોભાયમાન,	૯
૮.	ગંગામહિમા	૧૧
૯.	કળશ ચડાવ્યો, કલ્યાણનો રે	૧૪
૧૦.	શ્રી નરનારાયણં પ્રતિ	૧૫
૧૧.	સત્સંગ સુરભિ	૧૬
૧૨.	સત્સંગ બાલવાટિકા	૧૮
૧૩.	ભક્તિ સુધા	૨૦
૧૪.	સત્સંગ સમાચાર	૨૪

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ--૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

॥ સ્વસ્તિદિવ્ય ॥

આસો માસ એટલે વર્ષનો અંતિમ મહિનો. લૌકિક રીતે જોઈએ તો જગતની એક રીત છે-કે જેમજેમ કોઈ વસ્તુ કે પ્રસંગનો અંત ભાગ આવે તેમ માણસ થોડો સચેત અને સજાગ બની જાય. અંત તરફ જતો જાય તેમતેમ વધુ ચિંતિત બનતો જાય અને ઉકેલો-ઉપાયો શોધવામાં લાગી જાય. પડેલી ગુંચો અને આંટીઓ કાઢવામાં લાગી જાય. "પાઘડીનો વળ છેડે."

આ કહેવત પણ કદાચ કંઈક એવું જ સુચિતાર્થ કરતી હશે. આ વર્ષના અંતિમ માસમાં આપણે સૌએ પણ આત્મ તપાસ કરી આપણી આધ્યાત્મિકતા, ભજન-ભક્તિ અને પરમાત્મા તરફની નિષ્ઠાનો હિસાબ મેળવવો જ રહ્યો.

'નવરાત્રી'નું પર્વ એટલે દુષ્ટ શક્તિઓ સામે આધ્યાત્મિક શક્તિઓના વિજયનું પર્વ. આવનારી આ નવરાત્રી આપણા માત્ર અમર્યાદ બની નાચવાની રાત્રીઓ નથી. પરંતુ જીવનમાં કંઈક નવીન મેળવવાની અંધકારની જુની રાત્રીઓમાંથી જાગી જ્ઞાન અને પ્રકાશની નવી રાત્રી એટલે જ નવ-રાત્રી અને તેમાં પણ આસો સુદ-૧૦ નો દિવસ એટલે "વિજયા દશમી" આપણા સૌના ગુરુ એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાગટ્ય દિન. જેમ પ્રભુ રામચંદ્રજીએ રાવણનો વધ કરી આ જ પાવન દિને પૃથ્વીને અધર્મના ભારથી મુક્ત કરી હતી. તે જ રીતે સર્વાવતારી શ્રીહરિએ પોતાના જ વંશમાં આ પાવન દિવસે પૂ. આચાર્ય મહારાજશ્રીની આપણને ભેટ આપીને કે જાણે પૃથ્વી પરથી અક્ષરધામસુધીનો માર્ગ એટલે કે આ સત્સંગને નવું જોશ અને જોમ પુરુ પાડ્યું છે. આસો સુદ-૨ નો શુભ દિન પણ આપણા સૌ માટે અતિ ભાગ્યશાળી દિવસ છે. આજના મંગલ દિને આપણા વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન પર આરુઢ થયા હતા. આવા પવિત્ર પ્રસંગોથી ભરપુર આ માસ આપણ સૌ માટે પ્રભુની વધુ નજીક પહોંચનારો બને એજ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ઓગસ્ટ-૨૦૦૯)

વિદેશ સત્સંગ પ્રવાસ



સંપ્રદાયમાં સર્વ પ્રથમવાર મહેસાણામાં
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો
૩૭ મો પ્રાગટ્ય જયંતી મહોત્સવ
સં. ૨૦૬૫ આસો સુદ-૧૦ દશેરા તા. ૨૮-૯-૨૦૦૯ સોમવાર

આમંત્રણ પત્રિકા

પરાત્પર પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સ્વહસ્તે સંસ્થાપિત ધર્મવંશીય આચાર્ય પરંપરા ઉત્તર વિભાગ શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન અમદાવાદ ના વર્તમાન પીઠાધિપતિ ધર્મકુલ ભૂષણ પરંપરામાં સપ્તમક્રમે અપર સ્વરૂપે બિરાજીને પરબ્રહ્મના સ્વરૂપને, સંદેશને, જ્ઞાનને અને ગૂઢ સંકલ્પને વિશ્વના ખૂણે ખૂણે સામાન્ય જન સમાજ સુધી પહોંચાડવામાં સફળ એવા પરમપૂજ્ય ધર્મધુરંધર શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રાગટ્ય જયંતી મહોત્સવ આગામી વિક્રમસંવત ૨૦૬૫ આસો સુદ-૧૦ વિજયા દશમી તા. ૨૮-૯-૦૯ સોમવારના શુભ મંગલ દિવસે સંપ્રદાયના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર સુવર્ણ-શબ્દોથી અલંકૃત મહોત્સવ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીનું હૃદય ઉત્તર ગુજરાત દંઢાવ્ય પ્રદેશ મહેસાણામાં જ્યાં કુશળીબાઈની ખીચડી પાંચસો પરમહંસો સહિત જમ્યા તેની વાતો અક્ષરધામમાં આજે ગવાય છે. તે પાવન ભૂમિપર આ વર્ષે જ મહા મંદિરમાં શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામમહારાજની પ્રાણ પ્રતિષ્ઠા થઈ છે. ત્યાં હજારો સંત હરિભક્તોની ઉપસ્થિતિમાં તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધૂમથી ઉજવાશે. તેમાં આપ સર્વેને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

લિ. શ્રી નરનારાયણદેવ દેશ સ્કીમકમિટી વતી

મહંત શાસ્ત્રી ઉત્તમપ્રિયદાસજી તથા મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા (હાઈવે)

કાર્યક્રમ

ભગવાનનો મહાભિષેક	:	સવારે ૭-૦૦ કલાકે
શણગાર આરતી	:	સવારે ૮-૩૦ કલાકે
પ્રાગટ્ય જયંતી ઉજવણી	:	સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ કલાકે
સંત-હરિભક્તો તરફથી સ્વાગતઃ		સવારે ૧૧-૩૦ કલાકે
અન્નકૂટ આરતી	:	બપોરે ૧૨-૦૦ કલાકે


આયોજક : દંઢાવ્ય પ્રદેશના ગામોના સમસ્ત હરિભક્તો

મહોત્સવ લાઈવ દર્શન :

www.mahesanadarshan.com

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

- હરિકેશવદાસ શાસ્ત્રી



આ કળિકાળમાં પરમાત્માના પ્રત્યક્ષ દર્શન તુલ્ય કઈ વસ્તુ છે ? અને તે વસ્તુ એવી હોવી જોઈએ જેના દર્શન - સ્પર્શથી મુમુક્ષુજીવોનું આત્યંતિક શ્રેય થાય.

સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન આખા જગતના જીવો ઉપર એવા રાજી થયા કે જાણે આખા જગતના જીવોને અમારા ધામમાં લઈ જઈએ.

તમામજીવો ભગવાનના ધામને પામે એ માટે શ્રીજી મહારાજે અતિ સરળ ઉપાય વિચાર્યો.

તેમાં પ્રથમપોતાનાં અતિ અલૌકિક અતિ દિવ્ય દેવોને પણ દુર્લભ એવાં ચરણારવિંદની છાપો સૌના દર્શન, પૂજન, વંદન અને મોક્ષ માટે ભક્તોને આપી.

"તેહ સારૂ છાપી દીધાં ચરણ રે
જે છે મોટા સુખનાં કરણ રે
ચરણ ચિંતવે ચિન્હે સહિત રે
વળી પૂજો કરી કોઈ પ્રીત રે
તેને અંતર થાશે પ્રકાશ રે
લેશે સુખ અલૌકિક દાસ રે
તેણે માનશે પૂરણ કામરે
વળી પામશે અખંડ ધામરે
એવો ચરણ તણો છે પ્રતાપ રે
શ્રીમુખે કહે શ્રીહરિ આપ રે

★★★

વળી અમારા અંગનું અંબર રે
બહુ સ્પર્શેલ સારૂં સુંદર રે
એહ પ્રસાદીનું જેહ પટ રે
મળે ટળે સરવે સંકટ રે

★★★

જે જે અમારા સંબંધની વસ્ત રે
ન મળે ગોતતાં ઉદે અસ્ત રે
અતિ માહાત્મ્ય એનું અતુલ્યે રે
કહો ક્યાંથી મલે એહ મૂલ્યે રે

★★★

સ્પર્શી ચીજ જે બહુ પ્રકારે રે
અડી હોય જે અંગ અમારે રે
તે તો સરવે છે કલ્યાણકારી રે
માટે રાખી છે અમે વિચારી રે

- શ્રી નિષ્કુળાનંદ સ્વામી

આપના સૌના સર્વેના હિતકારી પરમપૂજ્યપાદશ્રી મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે શ્રીહરિના મોક્ષદાયી અભિગમને યાવત્ચંદ્ર દીવા કરૌ આ ધરતી ઉપર રાખવા મહા મોટો સંકલ્પ કર્યો અને એના પરિણામે ઉપર વાંચ્યું તે પ્રમાણે ભક્ત અને જક્તનું કલ્યાણ થાય તેવી અતિ અદ્ભુત અમુલ્ય અતિ દિવ્ય પ્રસાદીની વસ્તુઓ જેવી કે ચરણારવિંદ, પાત્રો, વસ્ત્રો, વાઘા, ગોદડીઓ, આસ્તરણો, ચાખડીઓ, હાર, પાઘો આદિ આદિ અનેકાનેક જીંદગીમાં ક્યાંય દર્શન ન કર્યા એવી મોક્ષદાયી પવિત્ર વસ્તુઓનાં દર્શન એક જ સ્થળે સુલભ બને એવું સ્થળ એટલે "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ"

પૂજ્યપાદ મોટા મહારાજશ્રીના શુભ સંકલ્પથી સાકાર બનેલા આ મ્યુઝિયમમાં આવીને પ્રસાદીની પાવન વસ્તુઓનાં દર્શન કરશે તેને પોતાના આત્યંતિક મોક્ષની ખાત્રી મલી જશે એમનિષ્કુળાનંદ સ્વામી શ્રીહરિનાં વચન નોંધીને જણાવે છે.

ઈષ્ટદેવનો ખબરદાર થઈ મહિમાએ સહિત નિશ્ચય રાખે તે જ પરમપદને પામે

- જયંતિભાઈ કે. સોની (મેમનગર)



ભગવાનનો મહિમા એ સહિત દ્રઢ નિશ્ચય ન હોય તેને તો નપુંસક જેવો જાણવો. તે એને વચને કરીને કોઈ જીવનો ઉદ્ધાર થવાનો નથી. અને તેના મુખ થકી ગીતા-ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી. તેમાંથી તો મુળગુ ભુંડુ થાય છે. (વ. ૧૨)

વ્રત તપ નિયમસત્સંગ નવધા ભક્તિ, ધ્યાન વગેરે શ્રીજી પ્રસન્નતાના સાધન કરીએ છીએ તેમાંથી ભગવાનનો સંબંધ કોને છે. અથવા કોને થયો કહેવાય. (પ્ર. ૬૨) ના વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે સંબંધની વ્યાખ્યા આપી છે. જેને ભગવાનના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય હોય તેને જ ભગવાનનો સંબંધ થયો કહેવાય. માટે જેને જે સંગાથે સંબંધ હોય તેના ગુણ તેમાં સહેજે આવે. ભગવાનના સંબંધે કરીને ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે અને ભક્ત પણ ભગવાનની જેમઅતિ સમર્થ અને નિબધ થાય છે.

યથાર્થ આજ્ઞા પાળનારા અને નવધા ભક્તિએ યુક્ત એવા ભક્તોનો ભગવાન આના આજ જન્મે મોક્ષ કરે છે.

ભગવાનના યથાર્થ નિશ્ચય વગરના જીવો ભલે નિયમ, સત્સંગ, નવધા ભક્તિ વગેરે કરતા હોય પણ તેમને તે ગુણબુદ્ધિવાળા જ કહેવાય. કાયદેસરનો સંબંધ તેમને ન કહેવાય. તેવા ભક્તોનું આત્યંતિક કલ્યાણ યથાર્થ નિશ્ચય થયા બાદ જ થાય છે. ટૂંકમાં ભગવાનના નિશ્ચયની વાત પરિપક્વ કરવા માટે નીચેના મુદ્દાઓ હૃદયમાં ઉતારવાથી પરમેશ્વરના સ્વરૂપનો અડગ નિશ્ચય થાય છે.

(૧) સૌ પ્રથમતો ભગવાન શ્રી સ્વામિનારાયણનું સર્વોપરિપણું સમજવું :

શ્રીજી મહારાજ જીવ કોટી, માયા કોટી, ઈશ્વર કોટી, બ્રહ્મ કોટી અને અક્ષર કોટી થી પર છે. સર્વ અવતારના અવતારી છે. સર્વના નિયંતા છે. સર્વોપરિ છે. અને સર્વે કારણના પણ કારણ છે. આજ વાત શ્રીજી મહારાજે અમદાવાદ-૭ ના વચનામૃતમાં પણ કરી છે. સર્વોપરિ ભગવાન જે હું એક જ છું. બીજા બધા જ નાના મોટા મારા અવતાર છે.

(૨) ભગવાનનું સગુણપણું નિર્ગુણપણું સમજવું પડે :

પુરુષોત્તમનારાયણનું સગુણ-નિર્ગુણ પણાની વાત આવે ત્યારે તથા પુરુષોત્તમનારાયણના તેજનું એટલે કે ભગવાનના અન્વય સ્વરૂપનું સગુણ નિર્ગુણપણું સમજવું.

નિર્ગુણપણું : ભગવાનની અન્વય શક્તિ છે તેજ તેને લીધે જ જીવકોટી, ઈશ્વર કોટી, બ્રહ્મકોટી, અક્ષર કોટી વગેરે પોતાની ક્રિયાને અર્થે સમર્થ થાય છે. માટે તેજ (અન્વય સ્વરૂપ) તે સર્વેનું કારણ કહેલું છે. અને શ્રીજી મહારાજ તો એ તેજના પણ કારણ હોવાથી તેમને સર્વે કારણના પણ કારણ કહેવાય છે. આમઆ તેજ નિર્ગુણપણે સર્વે કોટીઓમાં વ્યાપેલું હોવા છતાં પણ સર્વ થકી અતિશે નિર્લેપ અસંગી અને અતિ સુક્ષ્મપ્રકાશે યુક્ત છે.

સગુણપણું : શ્રીજી મહારાજના આ તેજનું બીજું લક્ષણ એ છે કે આજ તેજ સગુણપણે અષ્ટાવરણે યુક્ત અનંત કોટી બ્રહ્માંડો, ઈશ્વર કોટી, બ્રહ્મ કોટી તથા

અક્ષરકોટી સર્વે ને પોતાની અન્વય શક્તિએ કરીને (તેજ દ્વારા) ધરી રહ્યા છે. અને પોતે તો ક્ષર અક્ષરથી ન્યારા છે.

(૩) ભગવાનનું અન્વય-વ્યતિરેક સ્વરૂપ સમજવું : આ સ્વરૂપો વાસ્તવમાં શું છે ?

ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમનું સદા એકજ દિવ્ય સ્વરૂપ પોતાના અક્ષરધામમાં દિવ્ય મુક્તોએ સહિત રહેલું છે. (લોયા-૪ વચનામૃત) એ જ તેમનું મૂળરૂપ છે. જેને વ્યતિરેક સ્વરૂપ કહેવાય છે. જ્યારે શ્રીજી મહારાજ, જીવ કોટી, ઈશ્વર કોટી, બ્રહ્મ કોટી તથા અક્ષર કોટી તે વિશે પોતાના તેજ દ્વારા રહેલા છે. જે શ્રીજી મહારાજનું અન્વય સ્વરૂપ કહેવાય છે. આમઅક્ષરધામમાં મૂળરૂપ તે વ્યતિરેક સ્વરૂપ અને પોતાના તેજ ને શ્રીજી મહારાજનું અન્વય સ્વરૂપ કહેવામાં આવે છે.

(૪) મહારાજનું કર્તા-અકર્તા અન્યથાકર્તાપણું સમજવું :

કર્તાપણું : પ્રથમઉત્પત્તિ સમયે ભગવાન જે અક્ષર સામી દૃષ્ટિ કરે છે. કહેતા અંતર્યામી શક્તિએ કરીને પ્રેરણા કરે છે. આમઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય સૌ પ્રથમપોતાની ઈચ્છાએ જ કરે છે. તેથી તે કર્તા કહેવાય છે.

અકર્તા : હવે પોતે મૂળ અક્ષર દ્વારા એ કરાવે છે. તેથી કર્તા થકા અકર્તા કહેવાય છે.

અન્યથાકર્તા : મૂળ અક્ષર દ્વારા થયેલ સૃષ્ટિમાં પોતે કોઈ પણ પ્રકારના નીતિ નિયમવગર પોતે સ્વતંત્ર મરજીથી કોઈપણ કાર્ય કરવા સમર્થ છે. જેને અન્યથાકર્તા પણું કહેવાય છે. જેમકે અક્ષરધામવિના પણ પોતાના મુક્તોને પોતાના ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે. એટલે કે મુક્તોને પોતાની મૂર્તિમાં લીન કરીને પોતે સ્વરાટ થકા એકલાજ વિરાજમાન રહે એ મહારાજનું અન્યથાકર્તા પણું જાણવું.

(૫) અવતાર અવતારી ભેદ :

અવતાર : ભગવાન પોતાની અન્વય શક્તિનો (તેજ દ્વારા) પ્રધાન પુરૂષ મૂળ પુરૂષ કે પ્રકૃતિ પુરૂષ એ ત્રણે એકજ છે વિગેરેમા આર્વિભાવ થાય છે. તેણે કરીને તે તે પુરૂષ ભગવાનના અવતાર કહેવાય છે. આ અન્વય સ્વરૂપના અવતાર છે.

પણ જ્યારે પંડે સ્વયં પુરૂષોત્તમનારાયણ આ પૃથ્વી ઉપર અવતાર ધારીને પધારે ત્યારે તે પુરૂષોત્તમવ્યતિરેક સ્વરૂપે (મૂળ સ્વરૂપે) પોતે જ છે. અને તે જ અવતારી છે. સ્વતંત્ર છે. સર્વના સ્વામી છે. નિયંતા છે. સર્વોપરિ અને સર્વે કારણના કારણ છે. તે જ આપણા ઈષ્ટદેવ છે.

(૬) મનુષ્યભાવ અને દિવ્યભાવ સમજવો :

મુનિબાવે ગ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે પ્રથમતો ભગવાનનો નિશ્ચય હોય અને ભજન સ્મરણ કરતો હોય, પણ ભગવાનના મનુષ્ય ચરિત્ર દેખીને નિશ્ચયમાં સંશય થઈ જાય છે તેનું શું કારણ છે ? પંચાળા-૪ વચનામૃત.

દરેક શાસ્ત્રમાં ભગવાનનું મનુષ્ય સ્વરૂપ અને દિવ્ય સ્વરૂપ બંનેનું વર્ણન આવે છે. આ બંને રૂપને જાણીને જેણે શ્રવણ મનન કરીને દ્રઢ નિશ્ચય કર્યો હોય તેને તો કોઈ રીતે સંશય થતો નથી. પણ જેને આવી રીતે સમજણ નથી તેને ભગવાનના નિશ્ચયમાં સંશય થાય છે.

ભગવાન મનુષ્ય રૂપ ધારણ કરે ત્યારે દેહના ભાવ જે બાળક થવું, જુવાન થવું, વૃદ્ધ થવું તથા મરી જવું વિગેરે તથા અંતકરણનાં ભાવો જેવા કે કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાદ અને રાગ, દ્વેષ વિગેરે દેખાય. વળી ક્યારેક કોઈ કાર્ય પૂર્ણ કરવા દિવ્યભાવ પણ જણાવે. ત્યારે આવું સમજી રાખ્યું હોય તો નિશ્ચયમાં ક્યારેય સંશય થાય નહિ.

ધામની મૂર્તિ, મનુષ્ય મૂર્તિ અને પ્રતિમા મૂર્તિ તેમાં એક રોમનો પણ ફેર નથી. માટે પ્રતિમાને વિષે, દિવ્યભાવ પ્રત્યક્ષભાવ લાવવો તે જ્યાં સુધી નહિ આવે ત્યાં સુધી દિવ્યભાવ સમજવા ફેર જન્મધરવો પડે છે.

ઉપરોક્ત બાબતો હૃદયમાં ઉતારી મહારાજનું સર્વોપરિ સ્વરૂપ સમજી નિશ્ચય પરિપક્વ કરીને ઉપાસના કરવામાં આવે તો જ આત્યંતિક કલ્યાણને પમાશે. માટે ઠાવકી સમજણ કરી હૃદયમાં ઘેડ ઉતારીને મહારાજનો આશરો કરનારને પરમપદની પ્રાપ્તિ થશે. આમમહારાજના સર્વોપરિ સ્વરૂપનું નિરૂપણ કરવું તેને જ્ઞાન યજ્ઞ કહેવાય. વૃત્તિ પાછી વાળવી તે યોગયજ્ઞ કહેવાય. એવા યજ્ઞ કરીને જીવ વૃદ્ધિને પામે છે.

તીર્થ વિધિ નિરૂપણ વર્ણન

- પટેલ અમૃતલાલ હીરજીભાઈ (લખતર)

શ્રી સ્વામિનારાયણ ભગવાન સિદ્ધપુર પધાર્યા. સરસ્વતી નદીના કિનારે ઉતારો કર્યો. સરસ્વતી નદી તથા બિંદુ સરોવરમાં સ્નાન કર્યું અને પોતાના આશ્રિત ગૃહસ્થો પાસે બ્રાહ્મણોને દાન અપાવ્યા. ચૈત્ર સુદ પૂનમનો મોટો ઉત્સવ કર્યો અને રાત્રે સરસ્વતી નદીના કિનારે મોટી સભા કરી પરમાત્મા તે સભાને ઉપદેશ આપવા લાગ્યા હે ભક્તો આ સિધ્ધપુર ઉત્તમતીર્થ છે. આ બિંદુ સરોવર ઉપર કર્દમઋષિએ તપ કરેલું છે. એના તપથી રાજી થયેલા પરમાત્માએ તેમને દર્શન આપ્યા. પ્રેમવશ પરમાત્માના નેત્રમાંથી અશ્રુબિંદુઓ આ સ્થળે પડ્યા એટલે આને બિંદુ સરોવર કહેવાય છે. વળી કર્દમઅને દેવહુતિ થકી કપિંલ ભગવાન પણ અહીંજ પ્રગટ થયા હતા. અને માતા દેવહુતિને સાંખ્ય જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. એટલે દેવહુતીજી અહીં સિધ્ધ દશાને પામ્યા એટલે જ આ ક્ષેત્રને સિધ્ધપર કહેવાય છે. એટલા માટે આ તીર્થનું સેવન દરેકે કરવું જોઈએ. તેમજ વિધિ પ્રમાણે તીર્થયાત્રા કરે તો યથાર્થ ફળ મળે છે.

પાંચ વ્યક્તિઓને તીર્થનું ફળ મળતું નથી. એક તો શ્રધ્ધા વગરનો, બીજો પાપી, ત્રીજો નાસ્તિક, ચોથો શંકાશીલ અને પાંચમો કુતર્ક કરવાના સ્વભાવવાળો એ પાંચ પ્રકારના માણસોને તીર્થનું ફળ મળતું નથી. જે પુરુષ કામ, ક્રોધ, લોભ, જીતીને તીર્થયાત્રા કરે તેને સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે. જેના હાથ પગ નિયમિત હોય, જેની જીભ સંયમવાળી હોય, જેનું મન પ્રભુ સિવાય બીજા સંકલ્પનો કરે જેનું તપ નિયમિત હોય, જેનું શાસ્ત્ર પઠન ખૂબજ નિયમિત હોય એવા માણસો તીર્થફળ પામે છે. કોઈને દુઃખી નહિ કરનાર તથા કપટ વગરનો તેમજ સત્યવાદી તથા વ્રતનિષ્ઠ દરેક ઉપર આત્મબુદ્ધિ રાખનારો પુરુષ તીર્થફળ પામે છે. તીર્થમાં જઈને ઉપવાસ કરવો. મુંડન કરાવવું. સપિડ શ્રાધ્ધ કરવું અને શક્તિ પ્રમાણે દાન આપવું. તીર્થમાં જવા વાળાએ જો વ્રત રાખ્યું હોઈ અથવા જે બ્રહ્મચારી હોય તથા જેના પિતા જીવતા હોય તેવા પુરુષો તથા જેમનો પતિ જીવતો હોય તેવી સ્ત્રીઓએ મુંડન ન કરાવવું અને એક વર્ષની અંદર તેજ તીર્થમાં ફરીથી ગયા હોય તો મુંડન ન કરાવવું. એ તીર્થમાં રહેનાર બ્રાહ્મણોની પરીક્ષા ન કરવી. તીર્થમાં મુખ્ય દેવનું પૂજન શક્તિ પ્રમાણે કરવું. જે નિર્ધન હોય તેને ભગવાનના મંદિરમાં વાળવું, લીંપવું તથા સાધુ પુરુષોની સેવા કરવી. એ રીતે સેવા કરવાથી પણ એને સર્વ દાનની સિધ્ધ મળે છે.

હે સજ્જનો ! પવિત્ર તીર્થમાં જઈને પરમાત્માનું નામકીર્તન દાન આદિક જે જે સત્કર્મ કરે છે તેને હજારગણું ફળ મળે છે. જેમતીર્થમાં કરેલું પુણ્ય વૃદ્ધિ પામે છે. તેમતીર્થમાં કરેલું પાપ પણ વૃદ્ધિ પામે છે. ઘરમાં કરેલું પાપ તીર્થમાં જવાથી નાશ પામે છે. પણ તીર્થમાં કરેલું પાપ એ તો વ્રજલેપ થઈ જાય છે. તેનું કોઈ પ્રાયશ્ચિત પણ હોતું નથી. હે ભક્તજનો ! તીર્થમાં જનારાઓએ અવશ્ય નિયમો પાળવા. દેવવૃત, મનુષ્યવૃત એનું પાલન કરવું. જે માણસ પૈસા હોવા છતાં તીર્થમાં જઈને વાપરતો નથી બીજાની ગુપ્ત વાતો જેને તેને કહેતો હોય, જે અતિ નિર્દય હોય, અતિ લોભી હોય, અતિ દંભી હોય, વિષય લાલચું હોય તેવા પુરુષો સર્વે તીર્થમાં સ્નાન કરે તો પણ મલીન જ રહે છે. શરીર ધોવાથી માણસ પવિત્ર બનતો નથી. પણ મનનો મેલ ધોવાથી પવિત્ર બને છે. માટે તીર્થમાં મનને વશ કરીને રહેવું. જે જે માણસોએ તીર્થમાં પાપ કર્યું હોય તેવા સ્ત્રી પુરુષો ભૂત થઈને એ તીર્થમાં જ રહે છે. અને તીર્થ યાત્રા કરનારા માણસોનાં છિદ્રો જોયા કરે છે. થોડીક પણ તક મળતાંની સાથે તેવા સ્ત્રી પુરુષોમાં એ પ્રવેશ કરી જાય છે. ભૂતપ્રેતાદિના પ્રવેશવાળા સ્ત્રી પુરુષો પરસ્પર પાપ કરે છે. હિંસા કરે છે. માટે મારા આશ્રિતોએ સાવધાન થઈને નિયમપૂર્વક તીર્થયાત્રા કરવી. તીર્થમાં જનારાઓએ ક્રોધને ખાસ જીતવો અને બ્રાહ્મણોએ આપત્કાળ પડ્યા સિવાય દાનનું ગ્રહણ કરવું નહિ એ તપ અને તેજનો નાશ કરે છે. ખોટું બોલવું નહિ, હિંસા કરવી નહીં. સ્નાન સંધ્યા આદિક નિત્ય કર્મ, પૂજન, કથાશ્રવણ, કીર્તન, દાન, સાધુ

ભોજન, જપ પાઠ આદિ પવિત્ર આચરણ દ્વારા તીર્થમાં સમય પસાર કરવો. પરમાત્માની વાણી સાંભળીને ભક્તજનો ખૂબ પ્રસન્ન થયા અને કહ્યું કે હે ભગવાન ! જેમતમે કહો છો એ પ્રમાણે અમે વર્તીશું.

અને જે ભગવાનના દાસ થાય છે તેને તો કાંઈ કરવું રહ્યું નથી. એનાં દર્શને કરીને બીજા જીવનું કલ્યાણ થાય છે. તો એનું કલ્યાણ થાય એમાં શું કહેવું ? પણ ભગવાનનું દાસપણું આવવું તે ઘણું કઠણ છે. કેમજે ભગવાનના દાસ હોય તેના તો એ લક્ષણ છે જે દેહને મિથ્યા જાણે અને પોતાના આત્માને સત્ય જાણે અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાના જે પદાર્થ તેને પોતે ભોગવવાને અર્થે ઈચ્છે જ નહિ એવો હોય તે હરિનો દાસ કહેવાય છે અને પોતાના સ્વામીનું ગમતું મુકીને બીજું આચરણ કરે જ નહિ આવો હોય તે હરિનો દાસ કહેવાય અને જે હરિનો દાસ હોય તે દેહરૂપે વર્તે તો તે પાકૃત ભક્ત કહેવાય.



ભગવાનના અવતારનો હેતુ

- નિલેશ ભગત ગુરુ મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (અમદાવાદ)

આપણી આ ભારતીય ભૂમિઉપર અનેક અવતારો થઈ ગયા જેવા કે, મત્સ્ય, કુર્મ, વરાહ, રામ, કૃષ્ણ જેવા અનેક અવતારો થઈ ગયા છે. આ અવતારોના પાછળનો હેતુ શું ? કારણ શું છે ? જો તમે એમકહેતા હોય કે ભગવાન અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવા અવતાર ધારણ કરે છે. તો શું ? પોતાના ધામમાં બેઠા બેઠા પણ અધર્મનો નાશ કરી શકે છે.

એક વખત સ્વામિનારાયણ ભગવાન સભામાં બેઠા હતા. બાજુમાં સંતો બેઠા હતા. એટલે મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે સ્વામી તમારામાં કેટલી તાકાત છે કેટલી શક્તિ છે. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કીધું મહારાજ તમારી કૃપાથી મારામાં એટલી તાકત છે કે હું હાથ છત્તો કરું તો પૃથ્વીનું સર્જન થઈ જાય અને હું હાથ ઉંચો કરુ તો પૃથ્વીનું વિસર્જન થઈ જાય. જો આટલી શક્તિ સંતમાં હોય તો શું ભગવાનને આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરવો પડે ખરો ?

આનો પ્રત્યુત્તર આપતા નંદ સંતો કહે છે કે ભગવાન તો કેવળ ભક્તોના મનોરથ અને સંકલ્પ પૂર્ણ કરવા માટે આ પૃથ્વી પર અવતાર ધારણ કરતા હોય છે. આવા તો અનેક દાખલા આપણા સંપ્રદાયમાં થઈ ગયા છે. તેનો આપણે એક પ્રસંગ જોઈએ.

ભાગવતમાં એક ખૂબજ સુંદર અને પ્રસિદ્ધ કથા છે. જ્યારે ભગવાન બલીરાજાના યજ્ઞમાં ગયા ત્યારે ભગવાનનું સુંદર સોહામણું બટુક વામન રૂપ જોઈને બલી રાજાના બેનને મનમાં સંકલ્પ થયો કે આવા સુંદર સોહામણા બટુક વામન ભગવાન જેવો દીકરો હોય અને હું તેને સ્તનપાન કરાવું. આવો મનમાં સંકલ્પ થયો એટલે ભગવાન તો અંતર્યામી છે જેથી ભગવાને કીધું કે આ જન્મે તો હું તમારો સંકલ્પ પૂર્ણ નહીં કરું પણ આવતા જન્મે જરૂર પૂર્ણ કરીશ.

એટલે આવતા જન્મે ભગવાન કૃષ્ણરૂપે અવતાર ધારણ કરી અને બલીરાજાની બેનને માસીપૂતના રૂપે જન્મઆપી અને તેનો સંકલ્પ પૂર્ણ કર્યો અને માતા જશોદા સમાન દિવ્ય ગતી આપી. એટલે જ કહ્યું છે કે ભગવાન તો કેવળ આ પૃથ્વી ઉપર ભક્તોના મનોરથ, સંકલ્પ પૂર્ણ કરવા અવતાર ધારણ કરતા હોય છે.

તો અંતમાં નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કે અવતારનું યથાર્થ જ્ઞાન એના પાછળનો હેતુ અમને સમજવાની શક્તિ આપે.

સર્વ શુભગુણોથી શોભાયમાન, તીક્ષ્ણ બુદ્ધિવાન પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વાસુદેવપ્રસાદજી

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રસ્થાપિત કરેલ આચાર્ય પદ પર પ્રત્યેક આચાર્ય મહારાજશ્રીઓની અનેક વિશિષ્ટ શક્તિઓના આપણને દર્શન થતા રહે છે. આ પદના ગૌરવ અને ગરિમા તેઓ સૌએ પ્રસ્થાપિત કરેલા છે. પરિણામે માત્ર સત્સંગીઓમાં તો ખરૂં કિન્તુ લોક હૈયામાં પણ તેઓનું સ્થાન આજે અનેરૂં રહ્યું છે. ધર્માચાર્યનો સુમેળ કરવામાં બુદ્ધિવાળા, વર્ણાશ્રમનો ઉદ્ધાર કરનારા, અનેક વિદ્યાઓમાં કુશાગ્ર એવા પૂજ્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ અમદાવાદ દેશના આ પીઠ ઉપર ચોથા આચાર્યપદે હતા.

સંપ્રદાયના ઈતિહાસમાં અવિસ્મરણીય ઘટના તો એ બનવા પામી કે સંપ્રદાયના ત્રીજા આચાર્ય મહારાજશ્રી પુરૂષોત્તમપ્રસાદજી મહારાજે પોતાના અક્ષરનિવાસી થયા પહેલાં વીલ કરી ગોંડા કોર્ટમાં રજિસ્ટર્ડ કરાવ્યું. જેમાં પોતાના અનુગામી તરીકે તેઓશ્રીએ પોતાના પુત્ર શ્રી વાસુદેવપ્રસાદજીને નિમ્યા હતા. તેઓશ્રીનું દૂરંદેશીપણું એ હતું કે તેમને પોતાના અંતકાળની સમીપતાનો ખ્યાલ આવી ગયો હતો. સંવત ૧૯૫૮ ના કારતક વદ અમાવાસ્યાના દિને અક્ષરવાસી થયા. ત્યારબાદ તે સમયે માત્ર અઢી વર્ષની વય શ્રી વાસુદેવપ્રસાદજીની હતી. તેઓશ્રીનો પીઠાધિપતિ તરીકે અભિષેક થયો. પરંતુ પુખ્ત વયે સંવત ૧૯૭૩ માં તેઓએ વહીવટ સંભાળ્યો. અલબત શ્રી વાસુદેવપ્રસાદજીનો જન્મસંવત ૧૯૫૫ ના અષાઢ સુદ-૯ ના થયો હતો. આચાર્ય તરીકે તેમનો અભિષેક વડતાલના આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજે કરેલો. શેઠ શ્રી અમૃતલાલ હરગોવનદાસ તથા શેઠશ્રી મંછારામમયારામભટ્ટની ગોંડા કોર્ટે રીસીવર તરીકે નિમણૂંક કરી હતી.

શ્રી વાસુદેવપ્રસાદજીને પ્રાથમિક અંગ્રેજી શિક્ષણ કપડવંજના શ્રી મણીલાલ છોટાલાલ ત્રિવેદીએ આપ્યું.



એમના સંસ્કૃત શિક્ષણના અધ્યાપક શાસ્ત્રી ગિરજાશંકરભાઈ હતા. અખિલ ભારતીય વર્ણાશ્રમસ્વરાજ સંઘનું અધિવેશન સં. ૧૯૯૨ માં સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં ભરાયું ત્યારે મુંબઈના વૈષ્ણવાચાર્ય ગોકુળનાથજી મહારાજ અધ્યક્ષ હતા. તેઓની બાજુમાં જ શ્રી વાસુદેવપ્રસાદજીની બેઠક વ્યવસ્થા મંચ પર હતી. એક દિવસ તેમને વક્તવ્ય આપવાનું હોવાથી શાસ્ત્રી ગિરજાશંકરભાઈએ ભાષણ સંસ્કૃતમાં લખી આપવા મહારાજશ્રીને જણાવ્યું. મહારાજે પ્રત્યુત્તર વાળ્યો, "તમારૂં લખેલું હું બોલું એમાં તો આપના તરફથી શીખેલી વિદ્યા લાજે. મને જેવું આવડશે એવું હું બોલીશ. અને તે પણ સંસ્કૃત ભાષામાં જ બોલીશ." જ્યારે તેઓએ સંસ્કૃતમાં વક્તવ્ય આપ્યું ત્યારે સભા સ્તબ્ધ થઈ ગઈ.

શ્રી વાસુદેવપ્રસાદજીના ઉપવિત સંસ્કાર સં. ૧૯૬૩ ના કારતક સુદી એકાદશીના રોજ થયેલા. તેમના શુભ લગ્ન સં. ૧૯૭૧ માં પિલ-ક્રિચ્છા ગામમાં શ્રી રાજારામભાઈના સુપુત્રી જયંતાદેવી સાથે થયા હતા. ત્યારબાદ સાત વર્ષ પછી શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજનો જન્મથયો હતો. મહારાજશ્રીની સાદગી અમાપ હતી. શરીર પર સોનું ધારણ કરતા નહિ. માત્ર જલઝીલણીના વરઘોડા પ્રસંગે સોનાનો હાર મહા પરાણે ધારણ કરતા. તેઓશ્રીએ અયોધ્યામાં શિખરબંધ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ તથા શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરી. છપૈયામાં શ્રી ઘનશ્યામમહારાજની પ્રાંતિજ તેમજ મૂળીમાં શ્રી ઘનશ્યામમહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરી. વાલી તથા બામરોલીમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી. ભુજમાં શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા કરી.

તેઓશ્રીનો સ્વભાવ ગંભીર છતાં રમૂજી હતો. સંસ્થાના વહીવટ પર બારીક નજર રાખતા. મોટા ભાગે મંદિરની હવેલીમાં રહેતા. તબિયત અનુકુળ ન હોય ત્યારે વાડીએ રહેતા. અમદાવાદના શ્રી નરનારાયણદેવનો શત વાર્ષિક પાટોત્સવ સં. ૧૯૭૮ ના ફાગણ સુદ-૩ ના રોજ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે ઉજવાયો. શિક્ષાપત્રી પ્રાદુર્ભાવ ઉત્સવનો શુભ પ્રારંભ પણ તેમના હસ્તે થયો. છપૈયામાં ફલેગ સ્ટેશન શરૂ કરાવડાવ્યું.

અમદાવાદમાં સ્વાસ્થય બગડવાથી તેઓશ્રી થોડો સમય મૂળી રહ્યા. ત્યાંથી સં. ૧૯૯૨ માં મુંબઈ ઉપચાર માટે પધાર્યા ત્યારે મૂળીથી વિરમગામઅમદાવાદ થઈ મુંબઈ જતાં રસ્તામાં અમદાવાદ સ્ટેશને મળવા પૂજ્ય-લાલજી મહારાજ દેવેન્દ્રપ્રસાદજી પધારેલા. પિતા પુત્રની આંખો મળીને ભીની થઈ ગયેલી.

અનેક પ્રયત્નો છતાં સં. ૧૯૯૩ કારતક વદ-૧ ના રોજ ૩૮ વર્ષની ભર યુવાનીમાં તેઓશ્રીએ અક્ષરધામની વાટ પકડી. અંતિમસંસ્કાર નારાયણઘાટ પર થયો.

શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના ઔર્ધ્વ દૈહિક પ્રસંગે અમદાવાદના સમગ્ર બ્રાહ્મણોની શહેર ચોરાસી કરવામાં આવી હતી. પૂજ્ય વાસુદેવપ્રસાદજી મહારાજે સં. ૧૯૫૮ થી સં. ૧૯૯૩ સુધી અર્થાત્ ૩૫ વર્ષ સુધી અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદીનું આચાર્યપદ પીઠ સ્થાન શોભાવ્યું હતું.

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દીપાવલિના શુભ કાર્યક્રમ

ધનતેરશ : આસો વદ-૧૨ તા. ૧૫-૧૦-૨૦૦૯ ગુરુવાર (બારશ સાંજે ૪-૩૦ કલાકે ઉતરી જાય છે), શ્રી લક્ષ્મીપૂજન, ધન્વતંરી જયંતી, ઠાકોરજીના અલંકારો ધોવા.

કાળી ચૌદશ : આસો વદ-૧૪ તા. ૧૭-૧૦-૨૦૦૯ શનિવાર, શ્રી હનુમાનજીનું પૂજન-આરતી સવારે ૮:૦૦ સંધ્યાકાળ પછી નરક ચતુર્દશી, સમૂહ ચોપડા-શારદાપૂજન, લક્ષ્મીપૂજન કલાકે અમદાવાદ મંદિરના સભા મંડપમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ કરકમળથી વિદ્વાન વિપ્રો દ્વારા સંપન્ન થશે. *સાંજે ૬-૦૦*

અન્નકૂટોત્સવ : આસો વદ-૩૦ તા. ૧૮-૧૦-૨૦૦૯ રવિવાર, ગોવર્ધન પૂજન સવારે ૯-૦૦ કલાકે, અન્નકૂટોત્સવ આરતી બપોરે ૧૨-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થશે. અન્નકૂટ દર્શન ૧૨-૦૦ થી ૪-૩૦ કલાક સુધી. (એકમના દિવસે ચંદ્રદર્શન હોવાથી)

નૂતન વર્ષ : કારતક સુદ-૧તા. ૧૯-૧૦-૨૦૦૯ સોમવાર, સર્વોપરિ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી સવારે ૫-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઉતારશે અને ત્યારબાદ પોતાની બેઠકમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી દર્શન આપશે તથા ગાદીવાળાશ્રી હવેલીમાં બહેનોને દર્શન આપશે.

ગંગા મહિમા


- વિદ્યાર્થી સાધુ વ્રજભૂષણદાસ
ગુરુ સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી (હરિદ્વાર મંહત)



પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણે આપણને ભારત વર્ષમાં જન્મઆપી આત્માના કલ્યાણ માટે અદ્‌ભુત અને અજોડ તક આપી છે. એ તક ગુમાવે તે તકદીરને ગુમાવે છે. ભારતવર્ષ તીર્થો અને આધ્યાત્મિકતાનો અણમોલ ખજાનો છે. દુનિયાનાં દેશોમાં ખોળી ખોળી થાકી જાવ તોય તીર્થ ન મળે. એ ભારતમાં ઠેક ઠેકાણે તીર્થો પથરાયેલા છે. એમાંય અમુક તીર્થો તો એવા છે. કે જેનું વર્ણન કરતા કલ્પના કરતા કવિઓ, લેખકો અને સાહિત્યકારો પણ ટૂંકા પડે. ભારતમાં અનેક તીર્થો છે. તેમાં (૬૮) અડસઠ તીર્થો મુખ્ય છે. એવી માન્યતા છે. તેમાંય વળી ચારધામઅને સપ્તમુક્તિપુરી મુખ્ય ગણાય છે. તેમાં બદ્રિનાથ, રામેશ્વર, જગન્નાથપુરી, દ્વારિકા આ ભારતના ચાર ધામો છે. અને સાત મુક્તિપુરી વિશ્વપ્રસિદ્ધ છે. જે અવંતિ, કાશી, અયોધ્યા, માયાપુરી, મથુરા વગેરે છે. તેમાં ઉતરાખંડમાં મુખ્ય અનેક તીર્થો છે. પ્રથમતો હિમાલય તીર્થોનું વર્ણન કરીએ.

કાકા કાલેલકરે "મારો હિમાલયનો પ્રવાસ" એ પુસ્તકમાં સુંદર વર્ણન કર્યું છે. કવિ કાલીદાસે પણ સંસ્કૃત કાવ્યોમાં "શું હિમાલયની સુંદરતા" એ વિષય ઉપર અદ્‌ભુત વર્ણન કર્યુ છે. શતાનંદ સ્વામીએ સત્સંગિજીવનમાં અને નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં હિમાલયનું સુંદર વર્ણન કર્યું છે. પહેલા ઉત્તરભારતમાં હિમાલય આવી જતો પણ હમણા ઉત્તરભારતમાંથી હિમાલયને અલગ પાડી ઉતરાંચલ રાજ્ય નામઆપ્યું. ભારતમાં ઘોર કળિયુગ હોવા છતાં હિમાલયમાં આજે પણ સતયુગની ઝાંખી થાય છે. પંદરસો કિ.મી. ઓરસ-ચોરસ એરિયામાં હિમાલય પથરાયેલો છે. ભારતના છેક ઉત્તરછેડા પર હિમાલય છે. આમનેપાળની બોર્ડરને હિમાલય સ્પર્શે છે. બીજી તરફ

તિબેટ ને સ્પર્શે છે. તો એક તરફ ચીનને પણ સ્પર્શ છે. આવો વિશાળ હિમાલય તીર્થોનો ખજાનો છે. સૌ પ્રથમભગીરથરાજાએ છ પેઢીના કઠીન પ્રયત્નોથી સ્વર્ગમાંથી ગંગાજી ભારતમાં લાવ્યા. ત્યારે પ્રથમકૈલાસ પર શિવજીની જટા પર આવ્યા. કૈલાસ તથા અમરનાથ તેમજ કારગીલ જેવા અનેક શિખરો હિમાલયમાં છે. આમગણત્રી કરતા પણ પાર આવે તેમનથી. કહેવાય છે કે નીચેથી કેતા હરિદ્વારથી ઉપર બદ્રિનાથ જઈએ ત્યારે નવસો નવ્વાણું (૯૯૯) શિખરને ઓળંગીએ ત્યારે બદ્રિનાથ ધામઆવે છે. ત્યાં હજી પણ કળિયુગનો પગ પેસારો નથી એમકહીએ તો જરા અતિશયોક્તિ નથી.



સૌ પ્રથમહિમાલયમાં નીચે હરિદ્વાર તીર્થમાં નજર કરીએ. હરિદ્વાર એ મોક્ષપુરી ગણાય છે. મુક્તિપુરી ગણાય છે. ઉપર બદ્રિકેદાર જવાનું મુખ્ય દ્વાર, હરિ પાસે જવાનું મુખ્ય દ્વાર એટલે હરિદ્વાર. હરિદ્વારમાં દસ હજાર જેટલા આશ્રમો છે. પચાસ હજાર ઉપરાંત મહાત્માઓ છે. ત્યાં રોજ સવારમાં સો સો મહાત્માઓની મંડળીઓ નીકળે છે. બધા જ ભગવત્ સ્મરણમાં લાગેલા હોય છે. દુનિયાદારીનું કોઈ ભાન નહીં સદાય અલખની સાધનામાં રચ્યા-પચ્યા રહેનારા હોય છે. જેમબાળકમાંનો ખોળો છોડી દૂર જવા ન ઈચ્છે. તેમઅનેક મહાત્માઓ ગંગાજીના કિનારાનું સેવન કરી રહ્યા છે. અને દૂર જવા ઈચ્છતા જ નથી. દુનિયામાં ક્યાંય શાંતિ ન મળે એ શાંતિ ગંગા કિનારે ભગવાનનું ભજન કરવાથી મળે છે. કારણ કે ગંગાજી વિષ્ણુ ભગવાનના જમણા ચરણનાં અંગુઠા ને સ્પર્શ કરીને વહે છે. માટે તેને વિષ્ણુપદી ગંગા કહેવાય છે. ભગીરથના પ્રયત્નોથી નીચે આવ્યા તેથી ભગીરથી ગંગા પણ કહેવાય છે.

સત્સંગિજીવનમાં ગંગાનો મહિમા ખૂબજ વર્ણવ્યો છે. વૈકુંઠમાંથી ગંગા બ્રહ્મલોકમાં થઈ સ્વર્ગમાં કૈલાશમાં, માનસરોવરમાં ગૌમુખમાં અનુક્રમે પસાર થઈ ગંગોત્રી આવ્યા. જ્યાં ભગીરથ રાજાએ તપ કરેલું. લાખો વર્ષ ગયા આજે પણ ભગીરથે તપ કરેલું એ પથ્થરની શિલા મોજુદ છે. જ્યાં રોજ હજારો યાત્રિકો ભગીરથી શિલાના દર્શન કરે છે. અને ગંગોત્રી થી નીચે ઋષિકેશથી હરિદ્વારમાં ગંગાજી આવ્યા. ઉપરથી નીચે આવતા અનેક નદીઓ ભેગી થાય છે. ઘણા પ્રયાગો ઉપર છે. એમાંથી પાંચ મુખ્ય પ્રયાગો છે. (૧) કેશવપ્રયાગ (૨) વિષ્ણુપ્રયાગ (૩) કર્ણપ્રયાગ (૪) રૂદ્રપ્રયાગ (૫) દેવ પ્રયાગ. જ્યાં બબે-ત્રણ-ત્રણ નદીઓના સંગમો છે. એ બધી નદીઓ ભેગી થઈ હરિદ્વાર આવે તો જાણે ગંગા સાગર ખળભળતો હોય તેમઘુઘવાટા કરતા ગંગાજી હરકી પૌડીના ઘાટે આવે છે. ત્યાં ગંગાની આરતી રોજ સંધ્યા સમયે ૧૦૦ દિવેટની ૩૫ થી ૪૦ જેટલી આરતી ઉતરે છે. એ અલૌકિક દર્શન પચાસ હજારથી વધુ યાત્રિકો કરે છે. કેટલાકની આંખમાં શાંતિની અનુભૂતિનાં હરખના આસું પણ આવી જતા હોય છે.

ભારતમાં મનુષ્ય જન્મમળ્યો હોય તો એકવાર ગંગા સ્નાન કરવું. આર્થિક સધ્ધર ન હોય તો કરકસરથી પૈસા બચાવીને પણ ગંગા સ્નાન જરૂર કરો. પૈસાવાળા ધનવાન કોઈ ગરીબ કુટુંબી કે સંબંધી ને ગંગાએ લઈ જઈ ગંગા સ્નાન કરાવે તો ભગવાન તેના પર અતિ રાજી થાય છે. સતત આઠ દિવસ ગંગા કિનારાનું સેવન કરો તો તમને ગંગાનો પ્રભાવ દેખાશે. પરચા દેશે. કળિયુગમાં ગંગાજી સાક્ષાત્ પ્રગટ દેવી છે. સત્સંગિજીવનમાં લખ્યું છે કે હજારો યોજન દૂરથી "હે ગંગા" એવી રીતે મહિમા સમજી બોલશે તો તેના સધળા પાપ બળીને ભસ્મથઈ જશે. મહિમા સમજીને ગંગાનું સેવન કરો તો તમારા પાપ આસું રૂપે ગંગામાં પડી જશે. એ વાત નક્કી છે કે વૈકુંઠમાં બહુજ સુખ છે. પણ મર્યા વગર ત્યાં જવાય નહિ. ત્યાં ગયા વગર કેમખબર પડે કે ત્યાં કેવું સુખ છે.

આ વાત તો જેમ "સોના માં સુગંધ ભળે તેવું છે." જ્યારે ભગવાને ગંગાજીને કહ્યું કે તમે પૃથ્વી ઉપર જઈ બધાનું કલ્યાણ કરો અને બધાના પાપનો નાશ કરો. ત્યારે પવિત્ર એવી ગંગા મૈયાએ ભગવાનને પ્રાર્થના કરતા વિનંતી કરી કે હું બધાના પાપનો નાશ કરૂં કહેતા હું લઈ લંઉં તો લોકોએ મારા માં ધોયેલા પાપને હું ક્યાં ધોઉં. ત્યારે ભગવાને કહ્યું કે જ્યારે બધાજ તમારામાં પાપ ધોવે ત્યારે તમારામાં મોટા સંત મહાત્માઓ સ્નાન કરશે ત્યારે તમામપાપોનો નાશ થશે. ત્યારે પવિત્ર ગંગાજી ધરતી ઉપર આવ્યા અને બધાનું કલ્યાણ કર્યું. એજ ગંગાજીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યારે શ્રી નીલકંઠ વર્ણી વેષે વનવિચરણ કરતા હતા ત્યારે અનેક તીર્થોને પાવન કરતા કરતા હરિદ્વાર પધાર્યા ત્યારે ગંગા સ્નાન હરકી પૌડીના ઘાટે કરેલું અને શાલીગ્રામની પૂજા કરી હતી. હરકીપૌડીનો ઘાટ રાજા ભર્તુહરિએ બંધાવેલ છે. જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાની ચરણ રજ ગંગામાં પધરાવી પવિત્ર એવી ગંગાને અતિ પવિત્ર કરી પાવન કરી દીધી છે. આ ગંગાનો મહિમા જેટલો ગાઈએ તેટલો ઓછો છે. હરિદ્વારમાં કેટલી શાંતિ છે. એ તો અહીં હરિદ્વાર ગંગા તટે આવો તોજ એનો અનુભવ થાય. સત્સંગિજીવનમાં લખ્યું છે કે, એક ટીંપુ ગંગાજળ મરણ પથારીએ પડેલા માણસના મોઢામાં જાય તો સર્વ પાપથી છૂટી સદ્ગતિને પામે છે. આજે પણ સૌરાષ્ટ્રમાં કોઈનો દેહ છૂટવાની ઘડીઓ ગણાતી હોય ત્યારે આડોશી પાડોશીને ઘેર જઈ ગંગાજળ શોધવા માંડે, સામાન્ય લોકમાં બિમારને તો બીડી પીવી ગમતી હોય પણ છેલ્લી ઘડીએ બીડી નહીં પાય પણ ગંગાજળ પીવરાવશે."


જગતમાં આ એકજ નદી એવી છે કે જેનું જળ વર્ષો સુધી સાચવી રાખો તો પણ એમાં એક કિટક પણ પડતું નથી. બીજી કોઈ પણ નદીનું પાણી હોય તો તે બગડી જાય છે. સાચું ગંગાજળ મળે તો તે વર્ષો સુધી બગડતું નથી. તેમદેવ, આચાર્ય અને સાચા સંત મળી જાય તો મોક્ષ પણ બગડતો નથી.

કોઈપણ ધર્મનો આશ્રિત હશે તે ગંગાને મહત્વ આપશે. ગંગાનો મહિમા આપણા નંદ સંતો અને મહારાજે પણ ગાયેલો છે. હરિદ્વારમાં અનેક આશ્રમો અતિ દર્શનીય છે. અનેક પુરાણા તીર્થો છે. જે ગંગાએ જઈ ગંગા સ્નાન કરે તો સમજવું તેના કરોડો જન્મોના પુણ્ય ઉદય થયા છે. એ વાત નક્કી છે.

જેમદુનિયાના દરેક દેશની એચલી કચેરી દિલ્હીમાં છે. તેમદુનિયામાં ને ભારતમાં જેટલા ધર્મો છે તેઓની શાખાઓ તો હરિદ્વારમાં છે. તેમાં આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું શ્રી નરનારાયણદેવ અમદાવાદ દેશની ગાદીનું શ્રી સ્વામિનારાયણ મંદિર કનખલ, શંકરાચાર્ય ચોક પર આવેલ છે. તે આપણા સર્વના લાડીલા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આપણા સર્વ ઉપર કૃપા કરીને હરિના દ્વારમાં એક સુંદર મજાનું મંદિર બનાવી તેમાં ભગવાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ સ્વહસ્તે પ્રસ્થાપિત કર્યા છે. જે આપણા માટે મોક્ષનું દ્વાર ખુલ્લું મુક્યું છે. તો તેમાં બેસી ને ભગવાનની આરાધના કરીને કેમમોક્ષ મેળવી ન લઈએ. "કરોડ કામબગાડી એક મોક્ષ સુધારી લેવો." એવું સ્વામીની વાતોમાં લખેલ છે. તો આપણે બદ્રીપતિ શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરીએ કે હે નરનારાયણદેવ અમને બધાયને એક વાર સર્વોપરિ છપૈયાધામઅને હરિદ્વારની યાત્રા અને ગંગા સ્નાન કરવાની તક આપે?

કળશ ચડાવ્યો, કલ્યાણનો રે

- પ્રો. મહાદેવ ઘોરિયાણી (રાજકોટ)



સર્વાંતર્યામી સર્વેના પ્રેરક પૂર્ણ પુરુષોત્તમભગવાન શ્રી સ્વામિનારાયણે કલ્યાણનું સદાવ્રત ખોલીને અનેક જીવોનું કલ્યાણ કર્યું છે. આજે પણ અભયદાન-મુક્તિનું સદાવ્રત ચાલુ જ છે. આથી નિષ્કુળાનંદ સ્વામીએ સાચા અર્થમાં ગાયું છે કે,

"કળશ ચડાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ, પુરુષોત્તમપ્રગટી રે."

★ ★ ★ ★ ★

"ન જોઈ જાત-કુજાત, પુરુષોત્તમપ્રગટી રે."

★ ★ ★ ★ ★

"બહુ બાંધી કલ્યાણની સડક૨ જાય ધામજીવ નિધડક રે."

ભગવાન સ્વામિનારાયણે પ્રગટ થઈ, માયાની ઘોર મોહ નિદ્રામાં પડેલી આમજનતાને ઢંઢોળીને ખરેખર સચેત કરી, તેઓનાં હૈયામાં વ્યાપેલ દોષો ને દુર્ગુણોરૂપી અંધકાર દૂર કરી પરમપવિત્ર જીવન, સેવા, ભક્તિ અને આત્યંતિક કલ્યાણના સન્માર્ગે પ્રકાશ પાથર્યો છે. 'વચનામૃત' અને 'શિક્ષાપત્રી' જેવા 'સર્વજીવ હિતાવહ' ગ્રન્થોની રચના કરીને તત્કાલીન સમાજના ઉદ્ધાર અને ઉન્નતિનો મર્યાદિત વિચાર કર્યો નથી, પરંતુ દીર્ઘદૃષ્ટિથી ભાવિ સમાજના સુખ શાંતિ અને કલ્યાણ માટેની પણ તેટલીજ - બલ્કે તેથી પણ સુંદર સુવિધા અને સુવ્યવસ્થા સંપ્રદાયના બંધારણ દ્વારા કરી છે. સહજાનંદ સ્વામીએ પોતાના જોગમાં આવનાર અનેકનાં કલ્યાણ કર્યા એટલું જ નહિ, પરંતુ આત્યંતિક કલ્યાણનો પુનિત પ્રવાહ સદાય વહેતો રહે તે માટે અમદાવાદ અને વડતાલ મુકામે ધર્મવંશની ગાદી સ્થાપી તે માટે વિશિષ્ટ યોજના કરી :"ફરી ફરી ફેરો પડે, એવું કરવું નથી આ વાર,

સહુ જીવનો સામટો, આજ કરવો છે. ઉદ્ધાર."

- પુરુષોત્તમપ્રકાશ પ્ર. ૪૫

તેમણે આ રીતે મુક્તિનો માર્ગ સુગમબનાવ્યો છે.

"મંદિર કરાવું મોટાં અતિ, મૂર્તિઓ બેસારું માંય,
સુગમસહુ નરનારને, પૂજે સ્પર્શે લાગે પાય."

શ્રીજી મહારાજે ઉપાસના અને ભક્તિમાર્ગ પ્રવર્તાવી મંદિરોમાં પોતાના સ્વરૂપો પધરાવ્યા. અમદાવાદ અને ભુજમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ સ્વહસ્તે મંદિરમાં પ્રસ્તાપિત કરી.

સંપ્રદાયના વિસ્તારની અભિવૃદ્ધિ થઈ હોવાથી તેમણે ગાદીના અમદાવાદ દેશ અને વડતાલ દેશ એમબે વિભાગ કર્યા. પુરુષવર્ગને આચાર્ય મહારાજ અને સ્ત્રી વર્ગને ગાદીવાળા એટલે કે આચાર્યશ્રીના ધર્મપત્ની ગુરુમંત્ર આપે તેવી વ્યવસ્થા કરી. પ.પૂ. આચાર્યશ્રી એ સંપ્રદાયનું મુખ્ય અંગ છે અને તેઓશ્રીના ઉપર સારાય સંપ્રદાયની ઉન્નતિ અને અભિવૃદ્ધિનો મોટો આધાર રહેલો છે. આ પ્રકારે આચાર્યોને ધર્મધુરા સોંપી, પ્રેરણાત્મક વિશિષ્ટ આધ્યાત્મિક સાહિત્યનું પણ સર્જન કરાવ્યું. આ રીતે અનંતના આત્યંતિક કલ્યાણ થાય તેવી મંગળ યોજના મહારાજે કરી છે. આવી દીર્ઘદૃષ્ટિયુક્ત કલ્યાણકારી નિયંત્રણા, અવતારના અવતારી, પૂર્ણ પુરુષોત્તમવગર અન્ય કોઈનું ગજું નથી!

"બાંધી બળવંત પીઠિકા, કેડે તારવા કોટાન કોટ,
કર્યું હિત અતિ આ સમે, અમે રાખી નથી કાંઈ ખોટ."

- પુરુષોત્તમપ્રકાશ

શ્રીજી મહારાજે કરુણામય બની લોકોના કલ્યાણ અર્થે સંપ્રદાયને યથાયોગ્ય સ્વરૂપમાં મૂકવા માટે અહોરાત અવિરત ઉદ્યમશરૂ કર્યો હતો. એ કલ્યાણકાર્ય નિર્વાણ પર્યંત ૩૦ વર્ષ સુધી એકધારુ ચાલુ રાખ્યું, સારાય ગુજરાતમાં ઉપદેશનો પ્રવાહ વહેવડાવ્યો, અને કહ્યું કે, - "જેમાં ત્રણ વાનાં નિયમ, નિશ્ચય અને પક્ષ હોય તે પાકો સત્સંગી કહેવાય."

સત્સંગ કરવો તે પોતાના જીવના કલ્યાણ માટે જ કરવો, પણ કોઈ પદાર્થ મેળવવાની ઈચ્છા રાખી ન કરવો. જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેણે પોતાનો દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વને ભગવાનની સેવામાં જોડી દેવાં. પુરુષ પ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વ સાધન થકી મોટું સાધન છે. મહારાજે તો કલ્યાણનું સદાવ્રત ખોલ્યું હતું.

"જેનો જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ."

શ્રી નરનારાયણં પ્રતિ

- ડૉ. વાચસ્પતિ મિશ્ર (સ્વામિનારાયણ મંદિર કાલુપુર)

॥ हृद्गत भावः ॥

विनायकं प्रणम्यादौ नारायणं तथा परम् ।
नरं नारायणञ्चोभौ प्रणमामि पुनः पुनः मुदा ॥१॥
स्वयं भगवान साक्षात् रुपद्वयेन चास्थितः ।
स वै नारायणो ब्रह्म नरनारायणाभिधः ॥१॥
गीतायां यद्वचनमुक्तं गीकृष्णेन परमात्मना ।
जगत्यां समुत्तीर्णः लोकानुग्रहकांक्षया ॥३॥
श्रीनगरे स्थिते रम्ये शोभने दिव्य मंदिरे ।
स्वयमवातरत् साक्षात् नरनारायणः प्रभुः ॥४॥
नरस्य दक्षिणे भागे नारायणः विराजते ।
उभाविसफै हृयौ शोभमानौ मनो हरौ ॥
इदं तस्य देवस्य माहात्म्यं ज्ञात्वा ।
सदा राजमानां क्षराभाव मूर्ति-
यदा श्रीहरिः लोककल्याण भावात्
मुदा मुह्यमानः प्रतिष्ठाञ्चकार ॥५॥
तदातः स्वयमत्र चागत्य नित्यम् -
सदा शोभते दीव्य मूर्तिः तदीया,
भगारुढकान्तिं प्रपश्यन्जिना वै
स्ववांछा प्रपूर्य सुखमावहन्ति ॥६॥
चतुर्भुजरुपं प्रपश्यन् जना वै -
प्रलोलुभ्यमानः सदा ते भवन्ति ।
अहो ! वतावशिष्टं भुवस्तत्ले किम्,
भावे कुभावो वसति यत्र वै भोः ॥७॥

(૧) ભગવાન વિઘ્ન વિનાયક ગણપતિને પ્રથમપ્રણામકરીને પછી ભગવાન નારાયણને પ્રણામકરીને તથા શ્રી નરનારાયણદેવ ને વારંવારં પ્રણામકરું છું.

(૨) સ્વયં સાક્ષાત્ ભગવાન નારાયણ જે પરંબ્રહ્મ પરમાત્મા છે, તેજ આ જગતમાં શ્રી નરનારાયણના રૂપમાં પ્રત્યક્ષ દ્વિત્વ રૂપે વિરાજમાન છે.

(૩) શ્રી કૃષ્ણ પરમાત્માએ વચન ગીતામાં કહ્યું છે (કે હે ભારત ! જ્યારે જ્યારે ધર્મનો હાસ થાય છે, અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે - ત્યારે હું પોતે સ્વયંનું સર્જન કરું છું !)

સાધુઓંના રક્ષણ કરવા માટે, દુષ્ટોનાં નાશ કરવા માટે ધર્મના સંસ્થાપન કરવા માટે યુગે યુગે (સમયાનુંસાર) જન્મલઉ છું). તે પ્રમાણે એજ વચનપૂર્ણ કરવા માટે તથા સંસારના જીવોના કલ્યાણ કરવા માટે આ પૃથ્વી ઉપર અવતારિત થયા છે.

(૪) શ્રીનગર (અમદાવાદ) જે રમણીયતા અર્થાત્ આનંદના ઉદ્ભાસક એવા શ્રીનગર માં અનંત શોભાથી યુક્ત દિવ્ય મંદિરમાં સાક્ષાત્ શ્રી નરનારાયણ મહાપ્રભુ સ્વંય બિરાજીત થયા.

(૫) શ્રી નરભગવાનનાં દક્ષિણ ભાગમાં (જમણા ભાગમાં) શ્રી નારાયણ ભગવાન વિરાજમાન છે. બન્નેની મૂર્તિ ખૂબજ રમણિય છે હૃદયમાં ઉતરી જાય તેવી છે. અનેક વિધ અલંકારોથી અલંકૃત છે અને મનને હરનારી છે.

(૬) એમશ્રી નરનારાયણદેવના માહાત્મ્ય જાણીને કે જે અક્ષરાતીત છે, જે ક્ષરભાવથી રહિત છે, જે સદા દેદિપ્યમાન છે અર્થાત્ જે સદા પ્રકાશમાન રહે છે, એવા મૂર્તિમાન સ્વરૂપમાં પ્રસન્નતા પૂર્વક મુગ્ધ થઈને શ્રીહરિએ (શ્રી સ્વામિનારાયણ ભગવાને) સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી.

(૭) પ્રતિષ્ઠિત થયા પછી શ્રી નરનારાયણ ભગવાન સ્વયં આવીને આ દિવ્ય મૂર્તિયોં માં સુશોભિત (પ્રકાશિત) થવા લાગ્યા. પછી એવી ષડઐશ્વર્ય સંપન્ન દિવ્ય શોભા જોઈને બધા ભક્તજનો પોતાની ઈચ્છા પૂર્ણ કરીને સુખી થઈ રહ્યા છે.

(૮) એવા અલૌકિક પરમાત્માને ચતુર્ભુજ રૂપમાં જોઈને તથા દેદિપ્યમાન એવી મૂર્તિના દર્શન ભક્તજન વારં-વાર કરતા જ રહે છે. આશ્ચર્ય તો એ છે કે આવા પરમાત્માને પ્રાપ્ત કર્યા પછી આ જગતમાં શું પ્રાપ્ત કરવાનું રહે ? કદાચ અવશેષ રહે તો હોય તો એ છે લોકોની ઉત્તમભાવમાં કુત્સિવ ભાવનો પ્રવેશ.

અર્થાત્ જેના અંતરમાં શ્રી નરનારાયણદેવ પરત્વે અનન્ય નિષ્ઠા એજ ભગવાનનો એકાંતિક ભક્ત અને શ્રેષ્ઠ ભક્ત કહેવાય. એના જીવનમાં કાયમશાંતિ હોય અન્યથા નિષ્ઠા વગરનાને ક્યારેય શાંતિ ન મળે.

સત્સંગ મુરબ્બો

મારી અવિચળ ચૂંકને રાખજો

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

"દાદા અમારી એક વાત માનો. પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી તમારો યશ ફેલાતો રહે એમતમને અમર કરવા છે." "મહારાજ ! આપની અવરિત કૃપાથી અંતરે હંમેશા સુખ-શાંતિ રહે છે. બાકી સંસાર તો હવે ખારો ઉસ લાગે છે. એમાં ફરી ફસાવું નથી!"

"અમે તમને જળકમળવત્ રાખીશું પરંતુ અમારી આજ્ઞા માનો અને બીજા લગ્ન માટે હા પાડી દો. અમારે તમારું વાંઝિયામેણું ટાળવું છે."

"સારું મહારાજ ! અમારી એક શરત છે. મારો રથ તમારે હંકારવો પડશે ! અને આ સર્વે સાધુ સંતો તથા હરિભક્તો મારા જાનૈયા થાય તો લગ્ન માટે હા પાડું!"

"જાવ કબુલ છે અમને!"

આજે સર્વોપરિ શ્રીહરિ દાદાના સારથી બનવા તૈયાર થઈ ગયા!

સંવત ૧૮૮૧ નું એ વર્ષ હતું. દાદાની વય એ વખતે ૨૪ વર્ષની. ઠેર ઠેર માંગા મોકલતાં પહેલાં મહારાજ દાદા ખાચરનાં પત્ની કુમુદાબા પાસે સ્વયં ગયા. પોતાનો સંકલ્પ જણાવ્યો. કુમુદાબા પ્રસન્ન થયા. કહ્યું, "મહારાજ ! હું તો આપની મરજીમાં જ રહેવા ઈચ્છું છું. આપની ભક્તિ એ જ મારે મન અધિક છે. પરંતુ આપના ભક્તરાજને ફરી વિવાહ માટે મનાવી લ્યો."

"એમને તો મનાવી લીધા છે તમારી હા જોઈએ."

"હું તો રાજી જ છું મહારાજ ! શુભ કાર્યમાં વિલંબ શાનો!"

"હવે મહારાજે કાઠી દરબારો પાસે નામાવલિ માંગી. તેમાં ભટવદરના નાગપાલ વરુનાં દીકરી જશોદાબા ઉપર મહારાજની દૃષ્ટિ ઠરી. મહારાજે બાર પટોળીના કાળુ વાવડિયા સાથે એક પત્ર લખી મોકલ્યો. મહારાજ જશોદાબાને ઓળખતાં હતાં!"

વનવિચરણ વખતે નીલકંઠવર્ણી વેશે મહારાજ જ્યારે બારપટોળી પધારેલા તે વખતે જશુબાની ઉંમર ખૂબ નાની. વર્ણીની મોહક મૂર્તિ તેમના અંતરમાં વસી ગયેલી. વર્ણીએ તેમની પાસે ભોજન માગ્યું. ત્યારે જશુબાએ પોતાના દહીં રોટલો જમવા આપ્યાં હતા. તે વખતે મહારાજે "તું રાણી થઈશ"એવા આશીર્વચન ઉચ્ચારેલા. આજે એ વચન પુરુ કરવાની વેળા આવી ગઈ!

નાગપાલ વરુએ મહારાજનું માગું સ્વીકાર્યું પરંતુ વળતા પત્રમાં લખ્યું કે "અહીં તળનાં જળ ખારાં છે અને પીવાનું પાણી દૂરથી મંગાવવા પડશે એટલે સાથે ઓછા જાનૈયાં લાવશો." મહારાજે જણાવ્યું કે, "પાણીની ચિંતા તમે કરશો નહીં સૌ સારાં વાનાં થઈ રહેશે."

સંવત ૧૮૮૧ ની મહા વદ દશમનાં લગ્ન નિરધાર્યા. ઠેર ઠેર કંકોત્રી રવાના કરવામાં આવી. સ્વયં પુરુષોત્તમનારાયણ જેનાં લગ્નનું મેનેજમેન્ટ કરતા હોય તેમાં શી ખામી રહે ? દાદાનાં માતુશ્રી સુરપ્રભાદેવીનાં હૈયે હરખ માતો નથી. એમણે આ "બીજા લગ્નમાં પણ ગામજમાડવા મહારાજને વિનંતી કરી."

"પહેલાં કરતાં પણ આ વખતે સવાયું કરવું છે" સામે મહારાજનો હરખ પણ સવાયો હરખાયો!

ગાડાં ભરી ભરીને જરૂરી સામાન અગાઉ રવાના કરવામાં આવ્યો. મહારાજે ભગુજી તથા રતનજીને કન્યા માટેના વસ્ત્રો તથા આભૂષણો લઈને મોકલ્યા.

વદ નવમીની વહેલી સવારે પરમહંસો, પાર્ષદો તથા હરિભક્તો તૈયાર થઈ ગયા. પોતાના લગ્ન જીવનરથના સારથી પુરુષોત્તમનારાયણ થવાના હતા. એ જાણી દાદા ખાચરનો હરખ દરિયો સવાયો હિલોળે ચઢ્યો હતો. દૂર દૂરથી ખાચર, ખુમાણને વાળા, પટેલ, આહીરને રાજપૂતો, શેઠિયાઓ ને મુનિમો સૌ સમયસર હાજર થઈ ગયા.

રૂમઝુમકરતી વેલ આવી પહોંચી. માણીગર હીરની દોરી હાથમાં ગ્રહી વેલ હંકારવા બેસી ગયા. ઢોલ-શરણાઈના સૂર, સંતોના તાલ પખાજ, ભાટચારણની બિરદાવાલીઓ, બહેનોનાં ગીત અને બળદોની ધૂધરમાળ - સર્વત્ર મંગલ વર્તાઈ રહ્યો. સમૂળી સૃષ્ટિ જાણે હરિવરને સારથી સ્વરૂપે નિહાળવા તલપાપડ બની રહી.

જાનનાં, વર-અણવરનાં, માણીગરનાં દર્શન કરવા ઠેર ઠેર લોકોના ટોળાં ઉમટ્યાં. જાને ગઢડાનો સીમાડો છોડ્યો અને પીઠવડીનું પાદર વટાવ્યું. સાંજે માલપરા ગામે સૌએ મુકામકર્યો. ગામલોકોએ સામૈયું કરી જાન વધાવી. વહેલી સવારે નીકળી જાન રાજુલા થઈ બારપટોળી પહોંચી, અહીં ભક્તોએ ઘી-ગોળ ખવડાવ્યા. છેવટે જાન ભટવદર આવી પહોંચી. જાનૈયાઓને જોઈ નાગપાલ વરુ ચિંતામાં પડી ગયા. મહારાજે કહ્યું, "વેવાઈરાજ ! આમચિંતામાં કેમપડી ગયા ?" "મહારાજ! આટલા બધાં જાનૈયાઓને બીજું બધું તો ઠીક પણ પાણી ક્યાંથી પુરુ પાડવું ? અહીં તો બબ્બે ગાઉ સુધી પાણી ખારું નીકળે છે !"

"તમે જરાય ચિંતા કરશો નહીં." એમકહી મહારાજે મોજડી પહેરી છડી હાથમાં લીધી અને ચટકંતી ચાલે વીશેક જગ્યાએ ફરી છડીથી નિશાનીઓ બનાવી. નિશાનીએ નિશાનીએ વીરડા ગાળવા આદેશ દીધો. વીરડા ગળાયા. વીશે વીશ વીરડે અમૃત ઝર્યા ! અમૃતજળની રેલમછેલ થઈ ગઈ. નાગપાલ વરુ આ જોઈ ગદ્‌ગદિત બની ગયા. મહારાજે એમનો ભાવ કળી લીધો. પાપોનો પહાડ આજે સહજાનંદજી મહારાજની અમીમય વાણીમાં પીગળી ગયો. "વરુ, વગડે વગડે વીરડા થાય, ઝાંખરે ઝાંખરે લીલોતરી પ્રગટે, અને કાળમીંઢ પથ્થરમાંથી પણ પીપળો ફૂટે. જ્યારે તમે તો માનવી છો. અમારે તમને સત્સંગી કરવા છે."

નાગપાલ વરુ આ સોહામણા અદ્વિતીય પુરુષની વાણી અને આભા ઉપર વારી ગયા. દીકરી દેવા જતાં હૃદય અપાઈ ગયું ! કહોને કે હરિવરે હરી લીધું !!

પંચવર્તમાન ધારણ કરાવી મહારાજે એમનો હાથ ગ્રહ્યો. પાપનાં પુંજ સડસડ કરતાં છમ્મથઈ ગયા. વરુ સત્સંગી થયા.

દાદા ખાચર અને જશુબાનાં લગ્ન ભારે ધામધૂમથી ઉજવાયાં. મહારાજ જેમદાદાના જાનૈયા અણવર હતા તો જશુબાના માંડવિયા-પરમ-સાહેલી પણ હતા. દાદા જશોદાબાની આ સોહામણી સપ્તપદી નિહાળવા દેવતાઓ પણ ગગનમાં ગોઠવાઈ ગયા.

વર-કન્યાની પહેરામણી થઈ. મહારાજે દાદાને પૂછ્યું, "દાદા ! બધાએ પહેરામણી કરી, અમે કઈ પહેરામણી કરીએ ?" "બસ મહારાજ ! તમારા જે કોઈ ભક્ત હોય તેનો અંતકાળ સુધારજો. છેલ્લી ઘડીએ પણ એના ગુના માફ કરી અક્ષરધામમાં નિવાસ કરાવજો - આ પહેરામણી આપો." મહારાજ કહે, "વાહ દાદા વાહ ! તમે તો અદ્‌ભુત હાથગરણું માગ્યું. જાઓ તમને એ આપ્યું." હરિવર પોતાના આ અનન્ય વરરાજા ઉપર વારી ગયા અને દાદા ખાચરને સોનાનો હાર તથા જશુબાને સોનાની બારે ઊતરીની પહેરામણી કરી. મહારાજ જશુબા ઉપર ખૂબ પ્રસન્ન થયા હતા. મહારાજનું વેણ એમણે સ્વીકાર્યું હતું. હરિવરે હોંશે હોંશે જશોદાબાને વર માંગવા કહ્યું. જશુબાનું હૈયું આજે હરખાઈ ઊઠ્યું. અંતરની યાતના વહેવા લાગી.

"મારી અવિચળ ચૂંકને રાખજો.

મારી ચૂડીનો ભંગ નવ થાય, માંગુ વર નાથજી !"

"હે પ્રભુ ! આ નથડી હવે અવિચળ રહે, મારો ચૂડલો કદી ન ભાંગે. અર્થાત્ મારા ભરથાર-ભવોભવ આપ જ રહેજો. મારી સેંથીનું સિંદૂર અને કપાળનો ચાંદલો અખંડ રાખજો. સંતો સહિત આપ મારે ઘેર અખંડ નિવાસ કરજો. સત્સંગીઓ ને બોલાવી નિત નવા ઉત્સવ કરી સમીપનું સુખ આપજો. મારી નણંદોને હું મુક્ત ગણું તથા અભયસુતને સુખી રાખજો અને પ્રભુ ! એમની પહેલાં મને અક્ષરવાસ આપજો જેથી વિરહ ન લાગે....."

જશુબાની સર્વે માંગણીઓ મહારાજે કબૂલી.

જાનની વિદાય વેળા પહાડ જેવા પ્રતિભાશાળી નાગપાલ વરુની આંખોમાંથી અશ્રુધારાઓ ચાલી. મહારાજ એમને ભેટ્યા અને કહ્યું, "આજ સુધી જશુબા તમારી દીકરી હતાં તે આજથી અમારી દીકરી છે માટે કોઈ પ્રકારે ચિંતા કરશો નહિ." દાદા ખાચર પણ ભેટ્યાં. પાર્થિવતા ખરી પડી ને દિવ્ય વાત્સલ્યની હેલી વરસી રહી.

સ્વામી શ્રી સહજાનંદજી મહારાજે જશુબાની અવિચળ ચૂંકને તો રાખીજ પરંતુ નાગપાલ વરુને સત્સંગી બનાવ્યા અને જશોદાબાને વર્ણીવેશે આપેલું વચન પણ નિભાવ્યું.

પ્રસંગની પ્રસ્થાવના ઊભી કરીને એક સાથે અનેક જીવોનું કલ્યાણ કરવું. આવી અનોખી પ્રણાલી મહારાજે પ્રગટાવી હતી અને એટલે જ એ સર્વોપરિનું બિરુદ પામ્યા છે !

શ્રી સ્વામિનારાયણ

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

પોતાની પ્રશંસાથી પોરસાવું નહિ

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

એક મહામોટા નગરમાં ધનવાન શેઠ રહેતા હતા. ખૂબ વેપાર ચાલે. મોટી મોટી પેઢીઓ ચાલતી. ગાડીઓ અને સ્કુટરો તો કેટલાય હતા. એ શેઠનો મોટો બંગલો હતો. એની અંદર તો ઓહોહો નાહવાના, તરવાનાં, રમવાનાં, જાતજાતનાં સાધનો, હિંચકા ખાવાના સાધનો, સરસ મજાના બાગબગીચા.

આ શેઠને આટલી જાહોજલાલી હોવાથી ચોરી થવાની ખૂબ ચિંતા રહેતી. એમણે કાંઈક વિચાર કર્યો કે ચોરીથી બચવા માટે મારે કાંઈક કરવું પડશે. એક દિવસ શેઠ એમના કારખાને જતા હતાં. રસ્તામાં એક કૂતરો જોયો. કૂતરો ખૂબ સરસ હતો. તેથી શેઠ પોતાને ઘેર લઈ ગયા. હવે શેઠની ચિંતા થોડી હળવી થઈ. કૂતરો શેઠનાં ઘરનાં બારણે બેસી રહે. સાવધાન થઈને ચોકી કરે. શેઠ તો કૂતરા પર ખૂબ ખુશ હતા. દરરોજ નવરાવે, સારૂ સારૂ ખવરાવે, ખૂબ સંભાળ રાખે.

થોડા દિવસોમાં તો કૂતરો તાજો તગડો થઈ ગયો. શેઠનો ધંધો બહુ મોટો તેથી એમને મળવા માટે ઘેર ઘણા બધા માણસો આવે. જે આવે એની નજર આ કૂતરા ઉપર જાય. શેઠ પણ કૂતરાને જોડે ને જોડે રાખે. એટલે આવનાર માણસો શેઠને સારૂ લગાડવા માટે બોલે. શેઠ ! આ કૂતરો ખૂબ સરસ છે. વાઘ જેવો શુરવીર છે. એટલે શેઠ રાજી રાજી થાય. વાહ ! બધા માણસો મારા કૂતરાનાં વખાણ કરે છે. કૂતરો બેઠો બેઠો સાંભળ્યા કરે. આવું તો દરરોજ બનવા માંડ્યું. બધા માણસો આવે અને શેઠને સારૂ લગાડવા માટે કૂતરાને વાઘ જેવો છે એમકહેતા જાય.

માણસોના મોઢે આવા શબ્દો સાંભળીને કૂતરાને એમથયું કે ખરેખર હું વાઘ જેવો છું. ધીમે ધીમે કૂતરાનું વર્તન બદલાવા માંડ્યુ. પહેલા તો શેઠ અવાજ કરે એટલે કૂતરો તરત જ સાવધાન થઈ જતો. હવે તો શેઠ ગમે તેટલો અવાજ કરે તો પણ બેસી જ રહે. ઉભો જ ન થાય. શેઠને થયું કૂતરો આમકેમકરે છે.

એક દિવસે શેઠે કૂતરાને ઠપકો આપ્યો. એટલે કૂતરો શેઠની સામે થઈ ગયો. ઘુરકીયા કરવા લાગ્યો. શેઠને થયું હવે કૂતરો મારે ત્યાં રહેવાને લાયક નથી. મારૂં જ ખાઈને મારી સામે ઘુરકીયા કરે એ કેમચાલે. શેઠે કૂતરાને લાકડી ફટકારીને કાઢી મૂક્યો. જેવો કૂતરો શેઠનાં બંગલમાંથી બહાર નીકળ્યો એટલે તરત ગામના બીજા કૂતરા આ શેઠનાં કૂતરાને ફળી વળ્યા. બટકા ભરી ભરીને અધમુવો કરી નાખ્યો. આઉં આઉં કરતો આ કૂતરો રખડી રખડીને મૃત્યુ પામી ગયો.

બાલમિત્રો ! આ વાર્તામાંથી તમે શો બોધ લીધો ? ક્યારે પણ પોતાનાં વખાણ સાંભળીને ફૂલાઈ જવું નહિ. તમારામાં કાંઈક સારી યોગ્યતા હોય, લોકો પ્રશંસા કરતા હોય ત્યારે એમમાનવું કે મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી મારામાં આ યોગ્યતા આવી છે. આવું માનવાથી ક્યારેય પણ અભિમાન આવતું નથી. સારા માણસોમાં જેમયોગ્યતા આવે તેમવધુને વધુ નમ્રતા આવતી જાય છે. અને દુર્જનમાં કાંઈક યોગ્યતા આવે એટલે ગર્વિષ્ઠ બની જાય છે. અને બીજાનો અપરાધ કરે છે. એ પાપે અંતે એનો નાશ થાય છે. ●

સારા કાર્યમાં સેવા કરવી

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને મુમુક્ષુ જીવોના કલ્યાણ માટે અનેક યજ્ઞો કરાવ્યા. તેમાં એક મહા મોટા યજ્ઞની વાત છે.

જેતલપુરમાં સ્વામિનારાયણ ભગવાને મહામોટા અનેક યજ્ઞો કરાવ્યા. તેમાં કેટલીક તો મુશ્કેલીઓ સહન કરવી પડી. કેટલાક દુષ્ટોને ત્રાસ પણ સહન કરવો પડ્યો. આવી તો અનેક બાબતોમાં ભગવાને ધૈર્ય રાખ્યું હતું. માટે તો ભગવાનનું જનમંગલમાં એક નામઆવે છે. "અતિ ધૈર્યવાન"

"અતિ ધૈર્યવાન" એમકહ્યું શતાનંદ સ્વામીએ,

"ધૈર્યવાન" એમનહિ. ધૈર્યવાળા તો પોતાના અનેક ભક્તો હતા. જે નિષ્કુળાનંદ સ્વામીએ ધીરજાખ્યાનમાં વર્ણવ્યા છે. પણ આ જેતલપુરના યજ્ઞમાં તો ભગવાને અતિ ધૈર્ય રાખીને યજ્ઞમાં ત્રાસરૂપ એવા દુષ્ટોને પણ જમાડ્યા.

અઢાર દિવસનો યજ્ઞ રાખ્યો હતો. દરરોજ ગામો-ગામથી, દેશ-વિદેશથી ભક્તો યજ્ઞનારાયણના દર્શન કરવા આવે. યજ્ઞમાં અગિયાર હજાર ભૂદેવોની પણ પંક્તિ થતી. સર્વે ભૂદેવો તથા હરિભક્તો માટે સ્વામિનારાયણ ભગવાને મહાપ્રસાદની વ્યવસ્થા રાખી. દરરોજ સવાર પડે ને "ૐ""સ્વાહા" ના અવાજો આકાશમાં ગુંજી ઉઠે. યજ્ઞનો આહૂતિ સમય પૂર્ણ થાય ત્યારે "હર હર મહાદેવ" "સહજાનંદ સ્વામી મહારાજની જય" આવા જય ઘોષ સાથે ભૂદેવો લાડું જાણે યજ્ઞમાં હોમતા હોય તેમમુખમાં મૂકવા લાગે. આ જોઈ કેટલાક દુષ્ટો બળી મર્યા. સર્વત્ર "સહજાનંદ સ્વામીની જય" "સ્વામિનારાયણ ભગવાનની જય" તેમણે વિચાર્યું કે આપણે સ્વામિનારાયણ ભગવાનનું ખરાબ દેખાય તેવું કરવું છે. કાંઈક વિચારો !!! ત્યારે એક કહે, અલ્યા મૂરખા ! સ્વામિનારાયણ લાડવા ખવરાવે છે. તો છાનો માનો ખાઈ લેને. તારી ત્રેવડ છે. રોજ લાડવા ખવડાવવાની અરે ! તારા છોકરાઓને પણ ખવરાવી શકતો નથી. તો શાનો બળી મરે છે ! અરે તમે બધા મૂરખના સરદાર છો સમજતા નથી. આ સ્વામિનારાયણને તેમના સંતો જો ગામમાં સ્થિર થશે તો કોઈ આપણી સામું નહિ જુએ. માટે ગમે તેમકરો સ્વામિનારાયણનું ખરાબ દેખાવું જોઈએ.

તો શું કરશું ? ચાલો ! રસોડે હજારો માણસો માટે લાડવા બનાવ્યા છે. સરોવરના કિનારે જ નજીકમાં છે. તો બધા લાડવા દેવ સરોવરમાં પધરાવી દઈએ. એ વાત બરાબર થઈ અને આ દુષ્ટો પહોંચી ગયા. મોટો પર્વત લાડુનો ખડકાયેલો તે બધા જ લાડવા લઈ લઈ દેવ સરોવરમાં નાખવાના ચાલું કર્યા. જોત-જોતામાં અડધી રાત્રી એ આ કામપુરૂં કરી દીધું. બધા ખુશ થઈ ગયા. વાહ આવતી કાલ તો જગનનો છેલ્લે દિવસ છે. હજારો હરિભક્તો આવશે પણ ખાશે શું ?

સવારની વહેલી પહોરે સંતો જાગ્યા. અને જ્યાં દેવ સરોવરે સ્નાન કરવા ગયા તો શરીર શુદ્ધ થવાને બદલે જાણે ઘીથી લચપચ લાડવાથી માલીસ થઈ ગઈ. તરત તપાસ કરાવી તો ખબર પડી. અરેરે આજ છેલ્લા દિવસ માટે બનાવેલ લાડું બધા દેવ સરોવરમાં કોઈ ઈર્ષાળુએ ગરકાવ કરી દીધેલા. વાત શ્રીજી મહારાજ પાસે પહોંચી. અંતર્યામી દયાળુ શ્રીહરિ આ વાત સાંભળી હસવા લાગ્યા અને સંતોને કહેવા લાગ્યા. સંતો આ યજ્ઞમાં આપણે અનેક ભૂદેવોને જમાડ્યા, દેશ-વિદેશથી અનેક હરિભક્તો આવ્યા તે પણ જમ્યા. ગામનાં પશુ-પક્ષી પણ પતરાવળાં ચાટી પ્રસાદનો લાભ લઈ લીધો. પણ આ દેવ સરોવરમાં અનેક જળચર જીવો હતા. તેમને તો આપણે ભૂલી જ ગયા. પ્રસાદ વગર તેમનું પણ કલ્યાણ કેમથાય. આમઆ કામકરનારે તો બહુ મોટા પુણ્યનું કામકર્યું છે.

સંતો મહારાજના આ અતિ ધૈર્યવાન ગુણને જોઈ રાજી થયા. ચિંતા માત્ર મૂકી દીધી. "જ્યાં શ્રીહરિ છે ત્યાંજ વિજય છે." માટે ચિંતા શાની ? પછી તો સ્વામિનારાયણ ભગવાને એવો તો પ્રતાપ દેખાડ્યો કે થોડાક વધેલા લાડુમાંથી હજારો ભૂદેવોને ભક્તો જમી ગયા. કાંઈ જ ખૂટ્યું નહિ. જયજયકાર થઈ ગયો અને ઈર્ષાળુના "મોં" કાળા થઈ ગયા.

સજ્જનો !

બહુત ગઈ થોડી રહી, વ્યાકુલ મન મત હોઈ ।
ધીરજ સબકા મિત્ર હૈ, કરી કમાઈ મત ખોઈ ॥

શ્રીજી મહારાજના આવા પવિત્ર સદ્‌ગુણને જે હૈયામાં ધારે ત્યારે તે ભક્તમાં પણ ધ્રુવ, પ્રહલાદ, હરિચંદ્ર, મુદ્‌ગલ-મહર્ષિ, રંતિદેવ રાજા જેવા ધૈર્યવાન ભક્તો બની ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે.

નવા વર્ષના દફ્ફાનું પ્રકાશન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામીના માર્ગદર્શનથી નવા વર્ષના સુંદર કલાત્મક તિથિ-તહેવારો ઉત્સવો-પાટોત્સવોની માહિતી સભર દફ્ફાનું પ્રકાશન કરવામાં આવ્યું છે. દરેક હરિભક્તોએ દફ્ફા આપણા મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી વહેલાસર મેળવી લેવા.

ભક્તિ સૂધા

એકાદશી સત્સંગ સભા પ્રસંગે પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી

સંકલન - કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

સંસારનો અર્થ શું છે ? સંસારનો અર્થ છે કે આપણને આ સામાન્ય ચર્મ-ચક્ષુ દ્વારા જંગલ, વૃક્ષ, નદી તળાવ આદિ જે દેખાય છે તે આ બધો બહારનો સંસાર છે. બહારની સૃષ્ટિ છે. અર્થાત્ આપણી બહિર્યાત્રા છે. પરંતુ આપણે બહાર નહિ જોતા આપણા દિવ્ય - ચક્ષુ દ્વારા અંદર તરફ જોવાનું છે. આત્મા-પરમાત્મા એ આપણી અંતર્યાત્રા છે. આ સંસાર છે. તે બીજું કાંઈ નથી પણ આપણી કામના, તૃષ્ણા અને મહત્વાકાંક્ષાનું પરિણામછે. આ સંસાર એવો છે કે સાધારણ મનુષ્ય હોય તે આ સંસારમાં ફસાય છે. પરંતુ અસાધારણ મનુષ્ય હોય તે પણ આ સંસારમાં ફસાઈ જાય છે. આ જગતનું સુખ ક્ષણભંગુર છે. અને નાશવંત છે. છતાં માણસ આ સંસારની ખોટી આસક્તિમાં ફસાઈ જાય છે. અને અંત સમય સુધી તેમાંથી બહાર આવી શકતો નથી. જેમકોઈ એક હરણ હોય છે તે એક ખેતરમાં પ્રવેશ કરે છે. અને પછી દરરોજ તેના ફળ-ફુલ-પાંદડા વગેરે ખાય છે. અને મોજ-મજા કરે છે. અને પછી ત્રણ-ચાર દિવસ પછી અચાનક તે ખેતરનો માલિક આવી જાય છે. અને તે હરણને અચાનક પકડી લે છે. તો જ્યારે આમતે હરણ માલિકની પકડમાં આવી જાય છે ત્યારે તે તેમાંથી છૂટવા માટે ઘણા પ્રયત્ન કરે છે. પરંતુ તેમાંથી છૂટી શકાતુ નથી. ત્યારે તેને ખ્યાલ આવે છે કે પોતે પોતાની સ્વતંત્રતા ગુમાવી દીધી છે. તેમઆપણા મનુષ્ય જીવનમાં પણ આવું જ થતું હોય છે. આ પૃથ્વી એ આપણા માટે ખેતર છે. જે પૃથ્વી પર આપણે મનુષ્ય-જન્મલીધા પછી આપણી પાસે સમય ખૂબ જ ઓછો હોય છે. અને આપણે આ સંસારની મોજ-મજામાં ખોવાઈ જઈએ છીએ. અને મૃત્યુ નજીક આવી ગયું છે. અને આપણે આપણી સ્વતંત્રતા ગુમાવી દીધી છે. પરંતુ પછીથી આપણાથી કાંઈ જ થઈ શકતું નથી માટે આપણે આ સામાન્ય ચર્મ-ચક્ષુ દ્વારા બહારની સૃષ્ટિ નહિ જોતા આપણા દિવ્ય-ચક્ષુ દ્વારા અંદરની તરફ જવાનો પ્રયત્ન કરવાનો છે. આત્મા અને પરમાત્મા એ આપણી અંતર્યાત્રા છે. જેમકોઈ મંદિર હોય તેની અંદર પ્રવેશ કરવા માટે માણસે પ્રથમતેના પગથિયા ચઢવા પડે છે. ત્યારબાદ પ્રવેશ દ્વારમાંથી પસાર થઈને પછી જ મંદિરમાં પરમાત્મા સુધી પહોંચી શકાય છે. તેમઆપણું આ શરીર છે તે પરમાત્મા સુધી પહોંચવા માટેના પગથિયા છે. આત્મા પ્રવેશદ્વાર છે. તેમાં દાખલ થયા પછી એટલે કે આત્મ-તત્વને સમજ્યા પછી જ પરમાત્મા સુધી પહોંચી શકાય છે. પૃથ્વી જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્વ, પ્રકૃતિ વગેરે અષ્ટ આવરણ છે. આપણે તેમાંથી પાર થઈશું તો જ પરમાત્મા સુધી પહોંચી શકાશે. માણસ આ સંસારમાં એટલો આસક્ત બની જાય છે કે તેને જે મળ્યું છે તેનું મૂલ્ય તેને સમજાતુ નથી. અને જે નથી મળ્યું તેની પાછળ દોડે છે. દા.ત. દસ હજાર, દસ લાખ વગેરે માટે આ સંસારની ખોટી આસક્તિમાંથી છૂટી પરમાત્માને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવાનો છે. અને અંતમાં એક ખાસ વાત દરરોજ યાદ રાખવાની છે કે આપણા આયુષ્યનો એક દિવસ પૂરો થાય ત્યારે દરરોજ સરવૈયુ કાઢવાનું છે કે દિવસમાં કેટલા ખોટા કાર્ય કર્યા અને કેટલા સારા કાર્ય થયા.

પ.પૂ. ગાદીવાળાશ્રી ઉપરોક્ત આશીર્વચનમાં સરળ દૃષ્ટાંત દ્વારા આ સંસારમાંથી પરમાત્મા સુધી કઈ રીતે પહોંચી શકાય તેમજ આ સંસાર કેવો છે ? તે નાનામાં નાના સત્સંગી બહેનોને પણ તરત જ સમજાઈ જાય તેમખૂબજ સુંદર રીતે સમજાવે છે. અને સર્વે સાંખ્યયોગી બહેનો પણ ખૂબજ મહેતન કરી પોતાની અલૌકિક વાણીનો લાભ આપી વચનામૃતની ખૂબજ સુંદર સમજ આપે છે. અને હવે

અંતમાં ખાસ લખવાનું કે આપણા લક્ષ્મીસ્વરૂપ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પોતાના દિવ્ય સંકલ્પ દ્વારા એકાદશી સત્સંગ સભાનું આયોજન કરી દિવ્ય સત્સંગ-ગંગા વહેવડાવી દરેક સત્સંગી બહેનો પર પોતાની દિવ્ય-કૃપા વરસાવી રહ્યા છે. ત્યારે આપણે અમદાવાદના સત્સંગી-બહેનો વિશેષ ભાગ્યશાળી છીએ કે આપણને આવો અમૂલ્ય અને દુર્લભ લ્હાવો મળી રહ્યો છે. તો જે બહેનો આવી દિવ્ય - સભાનો લ્હાવો નથી લેતા તેમને નમ્ર વિનંતી છે કે 'જો જો આવી દિવ્ય સત્સંગ-ગંગાનો લ્હાવો ચૂકી ન જવાય.'

•

અક્ષરધામના મુક્તરાજ શિવલાલ શેઠ

- સાં.યો. મોંધીબા (સ્વા.મં. બહેનોનું ધોળી)

મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણ ઘણા વર્ષોથી ઘોર તપશ્ચર્યા કરતા તપસ્વીઓ, પશુ, પક્ષી, ઝાડ, પાન, તળાવ, વન, પર્વત અને અનેક મુમુક્ષુઓમાં સર્વોપરિ ઉપાસના પ્રવર્તાવવા તથા જીવોને પોતાના સર્વોપરિ અને અદ્વિતીય એવા ધામની પ્રાપ્તિ કરાવવા તથા ઘોર કળિયુગમાં ચારે બાજુ આસુરી માયાએ પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું હતું ત્યારે એકાંતિક ધર્મની સ્થાપના કરી મુમુક્ષુજનોને અસુરોથી મુક્ત કરી પોતાના દિવ્ય સુખની પ્રાપ્તિ કરાવવા સ્વયં મહાપ્રભુએ નીલકંઠ વર્ણી વેશે વન વિચરણ આરંભેલું.

આ વખતે શ્રી સ્વામિનારાયણ ભગવાન ફરતા ફરતા અનંતને મોક્ષભાગી કરતાં કરતાં બંગાળના સિધ્ધપુર શહેરમાં સિધ્ધવલ્લભ રાજાને ત્યાં પધાર્યા. આ પ્રસંગ ભક્ત ચિંતામણીના ૩૬ માં પ્રકરણમાં આવે છે.

સિધ્ધવલ્લભ રાજાને ત્યાં નીલકંઠવર્ણી ચાર મહિના રોકાયેલા. સિધ્ધવલ્લભ રાજાએ નીલકંઠવર્ણીને આખું રાજ્ય અર્પણ કરવાની પ્રાર્થના કરેલી. આખું રાજ તમને અર્પણ કરી દઉ. આપ મારે ત્યાં રહો એટલે મારે તમારી સાથે રહેવાય. પછી નીલકંઠવર્ણીએ કહ્યું કે તમે અમારી ખૂબ સેવા કરી છે. માટે તમને આવતા જન્મે અમારી ને અમારા સંતો જોડે રહેવાય એવું કરશું. પરંતુ એ વખતે સર્વોપરિ નિષ્ઠા નહોતી સમજાઈ. કારણ કે નીલકંઠવર્ણી એ વખતે તપસ્વીના રૂપે હતા અને તે જ આ "બોટાદના નવલખા શિવલાલ શેઠ"

તેઓ ઘણીવાર વડતાલ જાય ત્યારે સદ્. ગોપાળાનંદ સ્વામી તેમને આવો "સિધ્ધવલ્લભરા" એમકહીને જ બોલાવતા.

શિવલાલભાઈ પાસે ભગવાનની દયાથી આ લોકની ઘણી ધન સંપત્તિ હતી. તેઓ એ જમાનામાં નવલખા શેઠ કહેવાતા હતા. એટલે કે નવ લાખ રૂપિયાના આસામી હતા તેમના પિતાશ્રી ભગા શેઠની મોટી પેઢી ચાલતી. ખૂબ ધીકતો ધંધો હતો છતાં પણ ક્યારેય પણ પૈસાનું માન નહિ નિર્માનીપણે સંતોની ખૂબ સેવા કરતા.

આવી સંપત્તિની છોળો ઉડતી હોવા છતાં શિવલાલભાઈએ સત્સંગમાં આવી કેટલીક સમજણની દ્રઢતા કરી હતી. મોટા પુરુષ સાથે દિવ્ય આત્મબુદ્ધિનું સર્જન કર્યું હતું તથા સેવા-સમાગમજેવા સારા દિવ્ય કલ્યાણકારી ગુણો કેળવ્યા હતા. શિવલાલભાઈ કહેતા કે "અહો.... હો! મારી પર કેટલી અનહદ કૃપા કે મને રોકનાર ને ટોકનાર મળ્યા છે. ઘણીવાર સદ્. ગુણાતીતાનંદ સ્વામીના એ શબ્દોને તરત યાદ કરતા કે "જેને રોકનારને ટોકનાર નથી મળ્યા તેમનાં તો કરમફુટ્યાં છે."

શિવલાલ શેઠે સદ્ ગુણાતીતાનંદ સ્વામીનો જોગ અને સમાગમકરી પોતાના જીવનને ભગવાનના માર્ગે વાળી દીધું. આમશિવલાલ શેઠનું વર્તન વાતો કરતું હતું. અને આજે અનંતના નિશાન તેઓ બની ચૂક્યા હતા. અદ્ભુત પ્રેરણાદાયી પાત્ર બની ગયા. સર્વ સંતના રાજીપાના વાદ્યુંકને રાજી કરી રાજમાર્ગ બની ચૂક્યા.

•

ઉત્સવ સમૈયાનું મહત્વ

- પટેલ હિરલ પી. (બાપુનગર-એપ્રોચ)

ઉત્સવ સમૈયા અને ઉત્સવ સમૈયાનું શું મહત્વ છે. તો શ્રીજી મહારાજે રચેલા શાસ્ત્રો પ્રમાણે ઉત્સવ સમૈયા

કરવાથી અનેક જીવોનો મોક્ષ થાય છે. અનેક જીવોના કલ્યાણના હેતુથી આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં વારંવાર આવા ઉત્સવ અને સમૈયા થાય છે. જ્યારે મહારાજ પોતે આ પૃથ્વી પર વિચરણ કરતા હતા ત્યારે તેમને આવા અનેક સમૈયાઓ કરેલા. જેમાં દેશોદેશ ના દરેક હરિભક્તોને તેડાવવામાં આવતા. ગામો ગામના સંતો મહંતોને તેમાં બોલાવવામાં આવતા. આ બધુ કરવા પાછળ મહારાજનો ફક્ત એક જ હેતુ હતો કે કેમે કરીને જીવનો મોક્ષ કરવો. આ પૃથ્વી પર વસતા દરેક જીવ પ્રાણી માત્ર ને લખ ચોરાસીના ફેરામાંથી મુક્ત કરવા.

કોઈ મનુષ્ય જો આવા ઉત્સવ સમૈયામાં આવે અને જો તેનો અંતકાળ નજીક હોય અને અંતકાળે જો આ સમૈયો યાદ આવી જાય તો મહારાજની કૃપાથી તેનો અંત સમય સુધરી જાય છે. આવા સમૈયાના દર્શન માત્રથી અનેક પાપનો નાશ થઈ જાય છે. સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર કેટલી કૃપા કરી છે કે તેમણે આપણને કેવા ધામમંદિરો બાંધી આપ્યા છે. અને મહારાજે સ્વયં પોતાના હાથે તેમાં મૂર્તિઓની સ્થાપના કરી છે. આપણા અમદાવાદ મંદિરમાં બિરાજીત શ્રી નરનારાયણ દેવ કે જેમના દર્શનં માત્રથી જીવમાં ખૂબજ શાંતિ અને સુખની અનુભૂતિ થાય છે. અને આપણા ગુરુ ધર્મવંશી આચાર્યશ્રીની શ્રીજી મહારાજે પોતાના સ્થાને સ્થાપના કરી છે. તો ચાલો આવા દેવ, આચાર્યના દર્શન કરી તેમનો રાજીપો મેળવી આપણા જીવનને ધન્ય બનાવીએ.

●

અમૃત ક્યાં છે ?

- પટેલ અંજના આર. (વજાપુર)

એક વખત નૈમિષારણ્ય ક્ષેત્રમાં ઘણાક ઋષિયો, મુનિઓ મહાત્માઓ ભેગા થયા. ત્યાં એવો પ્રશ્ન ઊઠ્યો કે અમૃત ક્યાં હશે ?

ત્યારે કેટલાક કહે અમૃત સમુદ્રમાં હોવું જોઈએ. કારણ કે સમુદ્ર મંથન વખતે લક્ષ્મીજી સમુદ્રમાંથી અમૃતનો ઘડો લઈને નીકળ્યાં છે. માટે અમૃત સમુદ્રમાં જ હોવું જોઈએ. ત્યારે બીજા કહે તેમાં હોય તો સમુદ્ર ખારો કેમરહે? માટે અમૃત સમુદ્રમાં ન હોવું જોઈએ. ત્યાં કોઈ કહે ચંદ્ર ઉપર હોવું જોઈએ. કારણ કે તે સૌને શાંત શીતળ બનાવે છે. અને વનસ્પતિ માત્રનું પોષણ કરે છે. ત્યારે કેટલાક કહે તેમાં હોય તો તેને ક્ષય રોગ કેમહોય ? માટે ચંદ્ર ઉપર પણ નહોય. ત્યારે કોઈ કહે સ્ત્રીના મુખમાં અમૃત હશે. જેથી મોટા મોટા દેવ, યોગી, રાજા, તપસ્વીઓને પણ મોહ ઉપજાવી મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરી નાખે છે. તો કેટલાક કહે સ્ત્રીમાં હોય તો તેનો પતિ મરે કેમ? માટે એમાં પણ ન હોય. ત્યારે કેટલાક કહે પાતાળમાં તો અમૃત જરૂર હોવું જોઈએ. તો કહે ત્યાં હોય તો સર્પોમાં ઝેર કેમરહે ? માટે ત્યાં પણ ન હોય. ત્યારે કેટલાક લોકો કહે સ્વર્ગમાં જરૂર હોવું જોઈએ. તો કહે ના, ના, ત્યાં હોય તો દેવતાઓ પૃથ્વી ઉપર કેમપડે ? માટે ત્યાં પણ અમૃત ન હોય. ત્યારે બધા મળી પરસ્પર વિચાર કરી બોલ્યા : વાહ વાહ.

અમૃત તો એક ભગવાનના ભક્ત સાધુપુરુષના મુખમાં જ રહ્યું છે. કેમકે જે સંત પુરૂષની કથાનું પાન કરે છે તે કુળ - કુટુંબે સહિત અમર થઈ જાય છે. માટે સાધુ પુરૂષના મુખમાં જ સાચું અમૃત છે. એથી તો પાપના પર્વતરૂપ પાતકીઓ પણ સાધુનાં દર્શનથી અને સેવા સમાગમથી પાવન થાય છે. માટે આ લોક-પરલોક માં સુખનું સાધન માત્ર સંત જ છે. અને મોક્ષ પણ સાધુના રૂડા સંગથી મળે છે. સ્ત્રી-છોકરાં પરનો સ્નેહપાશ પણ સાધુના સંગથી જ તૂટે છે. માટે આ લોક અને પરલોકમાં જેને પરમસુખી થવું હોય તેણે તો હંમેશા સંત સમાગમકરવો જોઈએ.

●

આ ઘનશ્યામતો સર્વાવતારી પ્રભુ છે

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (અમદાવાદ)

એકાદશી હોય એટલે ઘનશ્યામવહેલા ઊઠીને નાહી ધોઈ પૂજાપાઠ કરીને મંદિરે દર્શન કરવા જતા. એવી એક એકાદશીના દિવસે ઘનશ્યામમહાપ્રભુ હનુમાન ગઢીએ દર્શન કરવા ગયા. મંદિરના મહંત બાવા મોહનદાસ રામચરિતની કથા કરે. કથામાં એકાદશીનું વર્ણન આવ્યું.

"એક એકાદશી કરીએ તો હજાર અશ્વમેધ યજ્ઞ જેટલું પુણ્ય મળે."

આ સાંભળી ઘનશ્યામે બાવાજીને પૂછ્યું, "મહંતજી, ઘણા લોકો એકાદશી નથી કરતા તેનું શું કારણ હશે?"

મોહનદાસ કહે, "પ્રભુએ આ દુર્લભ મનુષ્ય દેહ આપ્યો છે આવા દુર્લભ દેહને એકાદશી કરીને શા માટે કષ્ટ આપવું જોઈએ. આ દેહ કાંઈ દુઃખ ભોગવવાને અર્થે નથી. જ્યારથી જગન્નાથપુરીમાં એકાદશીને ઊંચી બાંધી છે. ત્યારથી લોકો એકાદશી નથી કરતા, લોકો સમજે છે જે ભૂખ્યા રહેવું તે આત્માને કષ્ટ દેવા બરાબર છે. માટે ખાઈ પીને દેહનું જતન કરવું. એકાદશી તો કોણ કરે ? જેને ખાવા અન્નજળ મળતું ન હોય તે જ કરે. માટે છોકરા આ વાત સમજી રાખજે અને ઉપવાસ કરીને દેહને કષ્ટ ન આપતો."

ઘનશ્યામજીને થયું કે આ બાવાજી તો ખોટો ઉપદેશ આપે છે અને લોકોને અવળે માર્ગે ચઢાવે છે માટે એમને સાચી શિખામણ દેવી જોઈએ.

મહાપ્રભુ કહે, "બાવાજી, આવી ખોટી વાત ન કરશો. શાસ્ત્ર વિરુદ્ધ વાત કરવાથી પાપ લાગે. એકાદશી નો તો બહુ મહિમા છે માટે હોંશે હોંશે એકાદશીનું વ્રત કરવું જોઈએ."

બાવાજી તાડૂક્યા, "અલ્યા આજ કાલના છોકરા તું મને ઉપદેશ આપે છે? શરમાતો નથી?"

ત્યાં તો બાળ ઘનશ્યામે બાવાજી સામી દૃષ્ટિ કરી. મોહનદાસને તરત જ સમાધિ થઈ. સમાધિમાં યમપુરીમાં ગયા ત્યાં યમના દૂતો બાવાજીને મારવા લાગ્યા. યમના દૂતો કહે "મહંત થઈને કોઈ દિવસ એકાદશી કરી નથી. ખાઈ-પીને મસ્ત થયો છે. લોકોને અવળો ઉપદેશ દીધો છે. માટે આજે તને નહિ છોડીએ." એમકહીને યમદૂતો મારવા અને પછાડવા લાગ્યા.

અહીં મંદિરમાં મહંતજીનો દેહ આસન ઉપર પડ્યો પડ્યો ઉછાળા મારે અને બૂમો મારે "બચાવો, બચાવો મને યમદૂતો મારે છે. એકાદશી નહોતો કરતો તેથી મને પરેશાન કરે છે." માર ખાઈ ખાઈને મોહનદાસ બાવા અધમૂઆ જેવા થઈ ગયા.

થોડી વારે સમાધિ ઉતરી. સમાધિમાંથી જાગ્યા કે તરત જ મોહનદાસ મહાપ્રભુના ચરણમાં પડી ગયા.

પછી બાવા મોહનદાસે સભાને સંબોધીને કહ્યું, "સાંભળો સભજનો, આ ઘનશ્યામકાંઈ નાના છોકરા નથી ઘનશ્યામતો સર્વાવતારી પ્રભુ છે. મેં તેમને ગણકાર્યા નહિ ને સાચું સમજાવ્યું નહિ તેથી મને યમપુરીમાં માર પડ્યો. મારા હાડકાં ને પાંસળા દુઃખે છે. મેં આટલા વર્ષો સુધી એકાદશી નથી કરી તો મારે યમપુરીમાં માર ખાવો પડ્યો. માટે આજથી જ આ ઘનશ્યામમહારાજ આગળ નિયમલઉં છું કે હું એકાદશી નિયમિત કરીશ. લોકોને એકાદશી કરવાનો ઉપદેશ આપીશ. તમે સૌ સભાજનો પણ આજથી એકાદશી કરવાનું શરૂ કરી દો."

આટલું કહી મોહનદાસે ઘનશ્યામજીને સાષ્ટાંગ દંવડત પ્રણામકર્યા. પોતાની ગાદી પર બેસાડી ઘનશ્યામનું પૂજન કર્યું અને માફી માગી. સૌ સભાજનો પણ ઘનશ્યામને પગે લાગીને એકાદશી કરવાનો નિશ્ચય કરીને ગયા.

ઘનશ્યામમહાપ્રભુ બાવાજીને આશિષ આપીને ઘેર ગયા.

શ્રીહરિએ શાસ્ત્રો ભલે ધારણ નહોતા કર્યા પરંતુ દૃષ્ટિ માત્રથી જીવનાં કલેવર બદલી નાંખવાનો કર્ણધારનો કરિશ્મા અન્ય કોઈ અવતાર પાસે નહોતો અને તેથી જ

"આપણે તો પ્રગટ પ્રમાણ શ્રીહરિ (શ્રી નરનારાયણ દેવ) તેના આશ્રિત છીએ માટે ઉત્તમજ છીએ. એ કેફ રાખીને શ્રીહરિનું ભજન કરવાનું છે."

નિર્વિકલ્પ, ઉત્તમ, અતિ નિશ્ચય તવ ઘનશ્યામ!

સત્સંગ સમાચાર

વડનગર

પૌરાણિક નગરી વડનગરના શિખરબદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસ દરમ્યાન મહંત સ.ગુ. સ્વામી હરિસેવાદાસજીની પ્રેરણાથી દરરોજ વિવિધ પ્રકારના આકર્ષક હિંડોળા પૂજારી શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસજી સ્વામી તેમજ યુવાનોએ સજાવી શ્રી હરિકૃષ્ણ મહારાજને ઝૂલાવવાનો હરિભક્તોને અનેરો લાભ આપ્યો હતો. તેમજ શ્રાવણ માસ દરમ્યાન શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ શ્રીમદ્ ભાગવત કથાનો હરિભક્તોને અલૌકિક લાભ આપી ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. શ્રાવણ માસના છેલ્લા દિવસે શાસ્ત્રી નારાયણવલ્લભદાસજીએ હરિભક્તોને સમૂહ મહાપૂજા કરાવી ભક્તિ સભર ધર્મકુળ પૂજન મહિમા સમજાવી અલૌકિક લાભ આપ્યો હતો.

(શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી)

ધમાસણાં

ચાલું સાલે ચાતુર્માસમાં શ્રાવણ માસ દરમ્યાન વડનગરના શાસ્ત્રી નારાયણવલ્લભદાસજીના મંડળ દ્વારા ધમાસણાના હરિભક્તોને 'શ્રીમદ્ ભાગવત' ની રસપ્રદ કથા સંભળાવી અલૌકિક લાભ આપ્યો હતો. છેલ્લે ધમાસણા મંદિરના કોઠારી અને હરિભક્તોના આયોજનથી 'સમૂહ મહાપૂજા'નું આયોજન શ્રાવણ વદ-૧૪ ના રોજ શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં હરિભક્તોએ ઉત્સાહ ભેર ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. મંડળમાં સાધુ બાલમુકુંદદાસજી તથા અમદાવાદના સાધુ હરિપ્રકાશદાસજી સ્વામીએ રસોઈ દ્વારા થાળ કરી શ્રી ઠાકોરજીને જમાડી હરિભક્તોને તૃપ્ત કર્યા હતા. શ્રી.ન.ના.દેવ યુવક મંડળ દ્વારા જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

વિસનગર

વિસનગરના સુપ્રસિદ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભાદરવા માસમાં શ્રીમદ્ ભાગવતની કથા શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસજી ગુરુ શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી (વડનગરવાળા)એ સંભળાવી હરિભક્તોને ભક્તિમય વાતાવરણમાં તરબોળ કર્યા હતા. મંદિરના કોઠારી પ.ભ. કાન્તિભાઈ તથા પ.ભ. ઉદયનભાઈ મહારાજા વિગેરે હરિભક્તોએ તેમજ શ્રી ન.ના.દેવ યુવક મંડળના તમામસભ્યોએ કથાનું આયોજન કરી ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

(શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી)

બાયડ

બાયડના સ્ટેશન વિસ્તારના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ વદ-૧૧ થી ભાદરવા સુદ-૪ દરમ્યાન વડનગરના શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત કથાનું મંગલમય આયોજન કરવામાં આવ્યું હતુ. મંદિરના કોઠારી પ.ભ. ડાહ્યાભાઈ તથા શ્રી કનુભાઈ પટેલ તથા અન્ય હરિભક્તોએ કથાનું સુંદર આયોજન કર્યું હતું. બાયડના અનેક હરિભક્તોએ કથામૃતનો લાભ લઈ શ્રાવણ માસના સત્સંગને સાર્થક કરી ધન્યતા અનુભવી હતી.

(શાસ્ત્રી નારાયણવલ્લભદાસજી)

શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સેક્ટર-૨)

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ગુરુ પૂર્ણિમાના શુભ દિને પૂજ્ય ધ્યાની સ્વામીની નિશ્રામાં ગુરુ પૂર્ણિમા મહોત્સવ દબદબાપૂર્વક ધામધૂમથી ઉજવાયો હતો. આ શુભ પ્રસંગે લંડન-દુબઈ, અમેરિકા, મુંબઈ, વડોદરા, જામનગર, રાજકોટ, મોરબી, પોરબંદર, ભાવનગર અને કચ્છથી હરિભક્તો શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શન આશીર્વાદ લઈ અહીં દર્શનાર્થે આવ્યા હતા. પૂ. સ્વામીનું શિષ્ય મંડળ ગાંધીનગર, મોરબી, વાસણા, બાવળા, પેથાપુર અને કણભાના સંતોએ ગુરુ પૂજન કર્યું હતું. આ પ્રસંગે મોરબીના ધારસભ્યશ્રી, મંત્રીશ્રી વાસણભાઈ આહિર અને માજી મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આદિ આગેવાનોએ પણ સભામાં સુંદર લાભ લઈ ધન્ય બન્યા હતા.

પૂ. ધ્યાની સ્વામીએ સભામાં આશીર્વાદ આપતા જણાવ્યું

કે, આપણા સમસ્તના ગુરુ આપણા પ્રાણપ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી છે. આજના શુભ દિને તેઓશ્રીના દર્શન પૂજન અર્થે અમે ગયેલા. આપણા ગુરુના ગુરુ સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાન છે. તેમની પતિવ્રતાની ટેક રાખવી. તેમની મરમાળી માધુરી દિવ્ય મૂર્તિને વિશે હેત કરવું. અને આપણે કરી કરીને એજ કરવાનું છે. એમસુંદર આશીર્વાદ પાઠવ્યા હતા. અંદાજે આઠ હજાર ભાવિકોએ આ પ્રસંગે લાભ લીધો હતો. (પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ)

શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું જુનું નિવાસ સ્થાન પ્રસાદીની શ્રી સ્વામિનારાયણ વાડી ખાતે શ્રી સહજાનંદ ગુરુકુળમાં નવા સત્રના પ્રારંભે અભ્યાસાર્થે આવેલ બાળકોને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સંપ્રદાયના નિયમિત સત્સંગીની દીક્ષા એટલે કે 'ગુરુમંત્ર'નો મહા ઉપદેશ આપીને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાચા સત્સંગી બનાવ્યા હતા. અને દરેકને રૂડા આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા. આ સમગ્ર પ્રસંગ પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના માર્ગદર્શન મુજબ યોજાયો હતો. (શ્રી સહજાનંદ ગુરુકુળ પરિવાર)

બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ચાતુર્માસમાં શ્રીહરિકૃષ્ણ મહારાજને સુંદર કલાત્મક વિવિધ હિંડોળામાં ઝુલાવીને અલૌકિક દર્શન પૂજારી સંતોએ કરાવ્યા હતા.

શ્રાવણ માસમાં રાત્રી પારાયણમાં શ્રી નિષ્કુળાનંદ સ્વામી કૃત 'યમદંડ' ની કથા શાસ્ત્રી સત્યસંકલ્પદાસજીએ કરાવી હતી. જન્માષ્ટમીના આખો દિવસ ભગવાનના ભજન કીર્તન-કથા-વાર્તા શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી ૧૨ વાગે કરીને રાત્રીના ૨ વાગ્યા સુધી રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

આ ઉત્સવ પ્રસંગ દરમ્યાન અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, શ્રી નરનારાયણદેવના પૂજારી બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી, નારાયણઘાટ મંદિરના બન્ને મહંત સ્વામી દેવ સ્વામી અને નાના પી.પી. સ્વામી આદિ સંત મંડળ અને સ્કીમકમિટીના સભ્ય પ.ભ. રતિભાઈ પટેલ વગેરેએ પધારીને હરિભક્તોને પ્રોત્સાહિત કર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અને અત્રેના મહંત સ્વામી હરિવલ્લભદાસજી અને હરિભક્તોની પ્રેરણાત્મક સેવાથી સત્સંગ ખૂબજ ફૂલ્યો ફાલ્યો છે. (પ્રવિણભાઈ ઉપાધ્યાય)

ધરિયાવદ (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા (છપૈયા ધામના મહંત) મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજીની પ્રેરણાથી તથા મહંત બ્ર. મહાપુરુષાનંદના માર્ગદર્શનથી મંથન ભગત તથા ગૌરાંગ ભગત અને હરિભક્તોએ સાથે મળી જન્માષ્ટમીના કુંજગલી આદિ ઉત્સવ અને રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. (કનુભાઈ)

વિરમગામશ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (સુથાર ફળી) ભવ્ય કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવીને દર્શન કરાવ્યા હતા. ગામના હજારો ભાવિકોએ દર્શનનો મહા લાભ લીધો હતો. (ઠક્કર બાબુભાઈ)

મેઘાણીનગર

અહીં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી છેલ્લા ૧૪ વર્ષથી બાળ સભા ચાલે છે. બાળા મંડળ ઉપર ધર્મવંશીની ખૂબજ કૃપા છે. ધો. ૧ થી ૯ સુધીના સારા ટકાએ પાસ થનારને તા. ૨૬ અને ૨૭ જુલાઈના ઈનામઆપવામાં આવેલ. દર રવિવારની બાળ સભામાં ૧૦૦ જેટલા બાળકો નિયમિત ભાગ લે છે (દેવાણી રણછોડભાઈ)

રાજસ્થાન-વાલીના મુંબઈ સ્થાયી થયેલા હરિભક્તો દ્વારા સત્સંગ સભા

તા. ૨૮-૧૨-૨૦૦૮ ના રોજ મલાડ મુંબઈમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે વિધિવત શ્રી નરનારાયણ સત્સંગ મંડળની સ્થાપના કરી છે. દર રવિવારે સવારે ૯ થી ૧૧ ગ્રાન્ટ રોડ કબીરવાડીમાં નિયમિત સત્સંગ સભાનું આયોજન કરે છે. સંતો તથા એકસો થી વધુ હરિભક્તો ભેગાં મળી શ્રીહરિનાં લીલા ચરિત્રો-કથા-કીર્તન વચનામૃત પાઠનું વાચન કરે છે. મુંબઈ મંદિરના તથા મીરા રોડ મંદિરના સંતો અવારનવાર કથા વાર્તાનો લાભ આપે છે.

પ્રત્યેક સભામાં હરિભક્તો સૌ શ્રીજી મહારાજને પ્રાર્થના

કરી છે કે "હે મહારાજ ! ધર્મકુળ પ્રત્યેની અમારી વફાદારી આજીવન અકબંધ રહે એવી શક્તિ આપજો. કેમકે શ્રીહરિની કૃપાથી ધર્મકુળના આચાર્યશ્રી થકી જ અમને મોક્ષનો માર્ગ પ્રાપ્ત થયો છે."સભાને અંતે નિત્ય-નિયમઆરતી તથા થાળ કરવામાં આવે છે.

નોંધ : રાજસ્થાનના આ નિષ્ઠાવાન હરિભક્તો સ્પેશિયલ બસ કરીને તા. ૧૬-૮-૦૯ ના રોજ શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન કરવા આવ્યાં હતાં અને નારણપુરા મંદિરમાં તેઓ પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને રૂબરૂ મળી રૂા. ૫૧,૦૦૦/-નો ચેક શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની સેવામાં અર્પણ કર્યો હતો. પૂ. મહારાજશ્રીને હિન્દીમાં સત્સંગ પ્રવૃત્તિનો પત્ર પણ અર્પણ કર્યો હતો. જેનો સારાંશ અત્રે આપ્યો છે.

ધન્ય છે આવા ધર્મકુળની નિષ્ઠાવાળા ભક્તજનોને. પૂ. મહારાજશ્રીએ પણ ખૂબ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

હિંમતનગર

અત્રે હિંમતનગર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તા. ૧૬-૮-૦૯ ના રોજ આપણા સમસ્ત સત્સંગી બહેનોએ સમૂહ મહાપૂજાનું આયોજન કરેલ. મહાપૂજા વિધિ પૂજારી જશુ ભગતે (કરજીસણ મંદિર) કરાવી હતી.

આ પ્રસંગે ભાઈઓની અલગ સભામાં હિંમતનગર તથા ઈડર મહંત જગદીશ સ્વામી, મહંત શા. હરિજીવનદાસજી (હિંમતનગર) શોકલીથી રઘુવીર સ્વામી અને આપણા સ્કીમકમિટીના સભ્ય પ.ભ. ડૉ. કે.કે. પટેલ સાહેબ આદિ સૌએ શ્રીહરિનું માહાત્મ્ય અને ધર્મકુળનો મહિમા સમજાવ્યો હતો. (નિકેશભાઈ, મહેશભાઈ)

વસઈ સ્વામિનારાયણ મંદિર

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રાવણ માસના ચાંદીમાં ફેમકરેલી હાથીની સવારીવાળા કલાત્મક હિંડોળા દર્શન કરાવવામાં આવ્યા હતા. સાંજે એક કલાક કથા-વાર્તા કરવામાં આવી હતી. (રજનીભાઈ ભાવસાર)

સાબરમતી શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ તથા નારણઘાટ મહંત નાના પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રાવણ માસમાં અત્રે મંદિરમાં ઠાકોરજીને વિવિધ હિંડોળામાં ઝુલાવીને દર્શન કરાવ્યા હતા. શ્રાવણ માસની વિદુર નિતી તથા સ.ગુ. ગોપાળાનંદ સ્વામી કૃત શ્રીહરિ લીલા ચરિત્રની કથા શાસ્ત્રી સ્વામી ચૈતન્ય સ્વામી (કોટેશ્વર ગુરુકુળ) એ મધુર વાણીમાં કરાવી હતી. તા. ૧૫-૮-૦૯ જ્ઞાન સત્રની પૂર્ણાહુતિ પ્રસંગે આપણા સૌના હૃદય સમ્રાટ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારીને સૌ સંત હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (રાવજી પટેલ)

ગોકળીયું ગામ સાંકાપુરમાં કથા પારાયણ

શ્રીહરિના અતિ પ્રસાદીના સાકાંપુરા ગામે પટેલ ત્રિભોવનદાસ માધવદાસ પરિવારને પરચો આપેલ. જે જગ્યાએ હાલ આપણું શ્રી સ્વામિનારાયણ મંદિર છે. જેમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા થયેલી. જે ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી મંદિરને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતી મહોત્સવ તા. ૪-૫-૦૯ થી તા. ૧૦-૫-૦૯ દરમ્યાન ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગના ઉપલક્ષમાં શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત)ના વક્તા પદે કથા પારાયણ સંપન્ન થઈ હતી. ગ્રામજનોએ કથા વાર્તાનો સુંદર લાભ લીધો હતો. પૂર્ણાહુતિના તા. ૧૦-૫-૦૯ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની આરતી અને કથાની પૂર્ણાહુતિ થઈ હતી. વિદ્વાન સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સભાને આશીર્વાદ પાઠવ્યા હતા. ૭૦૦૦ જેટલા ભાવિક ભક્તોએ દર્શન કરી મહાપ્રસાદ લીધો હતો. (રમેશભાઈ પટેલ હ્યુસ્ટન)

નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર, સિધ્ધપુર પાટોત્સવ ફેરફાર અંગે

સમસ્ત સત્સંગને જણાવવાનું કે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સિધ્ધપુર નૂતન શિખર બધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ કારતક વદ-૨ બીજના બદલે કારતક સુદ-૧૪ ના ઉજવાશે. દર વર્ષે આ જ તિથિએ પાટોત્સવ ઉજવાશે.

સિધ્ધપુર ફોન નંબરમાં ફેરફાર : (૦૨૭૬૭) ૨૨૫૯૦૧

વ્રત ઉત્સવના નિર્ણયમાં જુના મંદિરનો ફોન છપાયેલ છે.

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી મંદિરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો સમૈયો

ઝાલાવાડના હાર્દ સમા સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી ના મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર વર્ષની જેમઆ વરસે પણ સર્વોપરિ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના શુભ સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં જન્માષ્ટમીનો સમૈયો ખૂબજ દબાદબા પૂર્વક ઉજવાયો. સ.ગુ. બ્રહ્માનંદ સભા મંડપમાં પૂજનીય સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ સમસ્ત સત્સંગને રૂડા આશીર્વાદ પાઠવી રાજીપો દર્શાવ્યો હતો. મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીએ સમૈયાનું સુંદર આયોજન કર્યું હતું.

શ્રાવણ માસમાં હિંડોળા દર્શન પણ અદ્‌ભુત થયા હતા. શ્રી રાધાકૃષ્ણદેવના પૂજારી જે.પી. સ્વામી અને સંત મંડળે ખૂબજ શ્રધ્ધા પૂર્વક સેવા બજાવી હતી. (શા.હરિપ્રકાશદાસ)

શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર

અત્રેના નૂતન ભવ્ય શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામીની પ્રેરણાથી અષાઢ વદ ૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત ઠાકોરજીને વિવિધ કલાત્મક હિંડોળામાં ઝુલાવીને દર્શન કરાવવામાં આવ્યા હતા. છેલ્લા આઠ દિવસ બાર હિંડોળા પ્રદર્શન રૂપે જેવા કે, ચલણી નોટો, અનાજ, કઠોળ સૂકા મેવા, લખોટી, વેલવેટ અને જડતર વગેરેને ગોઠવી સુંદર દર્શન કરાવ્યા હતા. મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શન કર્યા હતા. આ પ્રસંગે ઈલેકટ્રોનિક મિડીયા અને દૈનિક પેપરે કવરેજ કરીને સમગ્ર રાજ્યમાં દર્શન કરાવ્યા હતા. આ આયોજન શા.સ્વામી પ્રેમવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી પંકજભાઈ પરીખ, શ્રી ધર્મેશ મહેતા અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું.

શ્રાવણ વદ-૯ થી શ્રાવણ વદ અમાસ પર્યન્ત શ્રીમદ્‌ સત્સંગિજીવન તથા વચનામૃત અધ્યયનની કથા શા.સ્વા. હરિઊઁપ્રકાશદાસજી (સંચાલકશ્રી જેતલપુર સંસ્કૃતપાઠશાળા - વાડી) તથા શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજીના વક્તાપદે થઈ હતી. જેનો કથામૃતનો લાભ હજારો ભાવિકોએ લીધો હતો.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

ઘનશ્યામનગર (તા. હળવદ)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી ભક્ત ચિંતામણી ગ્રંથની પારાયણમાં શ્રીજી મહારાજ અને ધર્મકુળનું માહાત્મ્ય મહિમા ભક્તિ વિહારી સ્વામીએ સમજાવેલ અને દેવ-આચાર્યને વફાદાર રહેવા ખાસ સમજાવ્યું હતું.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞાથી મોરબીના સાંખ્યયોગી રાજકુંવરબા અને ઉષાબાએ બહેનોની સમૂહ મહાપૂજા કરાવી હતી. જેમાં ૧૨૧ બહેનોએ એ જોડાઈને લાભ લીધો હતો. સમગ્ર વ્યવસ્થા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કરી હતી. (ગોરધનભાઈ એસ.)

વિદેશ સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર સિનેમન્સન (સાઉથજર્સી)

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીની પ્રેરણાથી સાઉથજર્સી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીહરિની શિક્ષાપત્રી શ્લોક ૧૪૯ ની આજ્ઞા મુજબ શ્રાવણ માસમાં શિવપૂજનનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો અને ધર્મપ્રેમી જનો જોડાયા હતા.

આ પ્રસંગે સ્વામીએ જણાવ્યું કે પૂજનનો હેતુ કલ્યાણ માટે જ હોવો જોઈએ. કઠીન સાધના સિવાય શિવત્વ સાંપડતું નથી. બ્રહ્મ બન્યા પછી પરિબ્રહ્મને પામી શકાય. છેલ્લે શિવ પૂજન - આરતી કરીને મહાપ્રસાદ દરેકને જમાડવામાં આવેલ.

આ પ્રસંગની સેવામાં શ્રી નવિનભાઈ (રાજપુર) શ્રી જગદીશભાઈ (જાસલપુર) તથા વડુવાળા શ્રી અરવિંદભાઈ રહ્યા હતા.

<u>હિંડોળા ઉત્સવ :</u> શ્રાવણ માસમાં શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીની પ્રેરણાથી અને હરિભક્તોના સાથ સહકારથી ઠાકોરજીને સુંદર કલાત્મક સુશોભિત ભવ્ય

હિંડોળામાં ઝુલાવીને દર્શન કરાવ્યા હતા. ખરેખર દર્શન અદ્‌ભુત હતા. હજારો પ્રેમીજનોએ દર્શનનો લાભ લીધો હતો. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા આશીર્વાદ અને ભગીરથ પ્રયાસથી અમેરિકા (આઈ.એસ.એસ.ઓ.)ના દરેક મંદિરોમાં સત્સંગ ખૂબજ વૃદ્ધિ પામ્યો છે. (નવિનભાઈ જી. પટેલ)

બોસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરનો તૃતીય પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં ત્રીજો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત સ્નેહ ગીતાની ત્રિદિનાત્મક પારાયણ શાસ્ત્રી સ્વામી સિધ્ધેશ્વરદાસજી (સિધ્ધપુરવાળા)ના વક્તાપદે સુંદર શૈલીમાં થઈ હતી. પાટોત્સવના મુખ્ય યજમાન પટેલ વિજયભાઈ તથા સુરેશભાઈ પટેલ (મોખાસણવાળા) તથા જ્ઞાનેશભાઈ ધોળકિયાએ લાભ લીધો હતો. પારાયણના યજમાન પટેલ જીતેન્દ્રકુમાર (ગુલાબપુરા) રહ્યાં હતા. ધર્મકુળ પૂજનના યજમાન શ્રી રસિકભાઈ પટેલ અને તેમના પુત્રો જયેશભાઈ અને સંજયભાઈ (મોખાસણ) તથા મહાપૂજાના યજમાન વિજયભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, મહાપ્રસાદના યજમાન મુકેશભાઈ પટેલ નિલેશભાઈ પટેલ અને દિનેશભાઈ પટેલ આદિ હરિભક્તોએ સેવાનો લાભ લીધો હતો.

આ પાટોત્સવ-પારાયણ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી દરરોજ સભામાં પધારીને દર્શન આશીર્વાદનો લાભ આપતા. આ પ્રસંગે સાઉથ જર્સીથી શા. વિશ્વપ્રકાશદાસજી અને ન્યુજર્સી મંદિરથી માધવ સ્વામી આદિ સંતોએ પધારીને લાભ આપેલ. પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક અને પારાયણની પૂર્ણાહુતિ ધામધૂમથી થઈ હતી. સભામાં યજમાન પરિવારો અને કમિટીના સભ્યો સૌએ પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. (અરવિંદભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન

અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી આપણા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે. હરિભક્તો પણ મોટી સંખ્યામાં આવા પ્રસંગે દર્શનનો લાભ લે છે.

હમણા વડતાલથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ દર્શન કરવા પધાર્યા હતા. હરિભક્તોએ તેમનું ઉમળકાભર્યું સ્વાગત સામૈયું કર્યું હતું. પૂ.મહારાજશ્રીએ આપણું મંદિર અને આપણો દેવ, આચાર્યશ્રીનો નિષ્ઠા વાળો સત્સંગ જોઈ અતિ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

ગુરુ પૂર્ણિમાના શુભ દિને સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન કરી દર્શન કરી સૌએ અંતરપૂર્વકના આશીર્વાદ મેળવ્યા હતા. અત્રેના મહંત કે.પી. સ્વામીએ હિંડોળાનું પણ સુંદર આયોજન કરીને સૌને દર્શન કરાવ્યા હતા. (રમેશભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અહીં આપણા મંદિરમાં ઉત્સવોની પરંપરા ચાલે છે. રથયાત્રા ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. આ પ્રસંગે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. બિંદુરાજા, શ્રી સૌમ્યકુમાર અને સુવ્રતકુમાર પધાર્યા હતા. અને બહેનોને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું. સભામાં મહંત સ્વામીએ રથયાત્રાનું માહાત્મ્ય સમજાવ્યું હતું. ગુરુ પૂર્ણિમા મહોત્સવ પ્રસંગે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીર નું પૂજન અર્ચન કરી સૌએ દર્શનનો અલૌકિક લાભ લીધો હતો. અહીંના મહંત જ્ઞાન સ્વામીએ આપણા ગુરુ એટલે ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મય મહિમા સહિત સમજાવ્યું હતું. હરિભક્તોએ વિશાળ સંખ્યામાં લાભ લઈ ધન્ય બન્યા હતા. (પી. શાહ)

વોશિંગ્ટન ડી.સી. (આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર)

૧૧ જુલાઈ શનિવારે સાંજે ૫-૧૫ થી ૯-૧૫ મેરીલેન્ડ ખાતે એક હોલમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. ક્લિવલેન્ડથી હરિવલ્લભ સ્વામીએ કથાનો લાભ આપેલ. હિંડોળા દર્શન અને ગુરુ પૂર્ણિમાના પ.પૂ.ધ.ધુ. આચાર્ય

મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરી સૌએ દર્શનનો લાભ લીધો હતો. સિધ્ધપુર પરચાની મુવી બતાવવામાં આવી હતી.

૧૨ જુલાઈ રવિવારના સત્સંગ સભામાં સાઉથ જર્સીથી આવેલા શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજીએ કથાનો સુંદર લાભ આપ્યો હતો.

દરેક સભામાં હરિભક્તોની સંખ્યા ખૂબજ રહી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગ સુંદર ચાલે છે. (કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની (ઓસ્ટ્રેલીયા)

અહીં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ સહ કૃપાથી સત્સંગની પ્રવૃતિ ખૂબજ સુંદર ચાલે છે. તા. ૧૨-૭-૦૯ અને ૧૯-૭-૦૯ના રોજ સૌ પ્રથમઅલગ અલગ પ્રકારના હિંડોળામાં શ્રીહરિકૃષ્ણ મહારાજને ઝુલાવવામાં આવ્યા હતા. તા. ૨૬-૭-૦૯ ના રોજ અ.નિ.પ.ભ. રવજીભાઈ વાઘજીયાણીના સ્મરણાર્થે પ.ભ. ખીમજીભાઈ વાઘજીયાણી તરફથી સભા થઈ હતી.

તા. ૨-૮-૦૯ ના રોજ ઓસ્ટ્રેલીયન ચલણના હિંડોળામાં શ્રીહરિને ઝુલાવવામાં આવ્યા હતા. આ દિવસની સભાના યજમાન શ્રી વ્રજ મારૂ, શ્રી દિલીપભાઈ દરજી અને સહ યજમાન શ્રી ઘનશ્યામભાઈ કાનાણી રહ્યા હતા. ગુરુ પૂર્ણિમાના રોજ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. તા. ૧૯-૭-૦૯ રવિવારની સભામાં આપણા સિધ્ધપુર મંદિરના શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણારવિંદ - પગલાના દર્શન મુવી દ્વારા કરાવવામાં આવ્યા હતા. આ દિવસની સભા શ્રી પરેશભાઈ જુઠાણી તરફથી થઈ હતી. (તેજસ પટેલ)

લેસ્ટર (આઈ.એસ.એસ.ઓ., યુ.કે.) મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ પ.પૂ. મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પૂ. શ્રી રાજાના સાનિધ્યમાં તા. ૨૬-૭-૦૯થી તા. ૨-૮-૦૯ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત કથા ભાગવતાચાર્ય શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટના વક્તાપદે સંપન્ન થઈ હતી. કથામાં આવતા દરેક પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા. આપણા મંદિર દ્વારા પ્રકાશિત સત્સંગ સરિતા કીર્તનની સીડીનું વિમોચન પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું હતું. તા. ૩૦-૭-૦૯ના રોજ સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ ધામધૂમથી સંત-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ઉજવાયો. લંડન, કાર્ડિફ, સ્ટ્રેધામ, વુલવીચ, સ્ટેનમોર, ઓલ્ડહામઅને બોલ્ટનથી અનેક હરિભક્તોએ પધારીને દર્શનનો લાભ લીધો હતો. સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ અલૌકિક આશીર્વાદ પાઠવ્યા હતા. સમસ્ત બહેનોને પ.પૂ.અ.સૌ ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજાએ અતિ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રાવણ માં વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવ્યા હતા. જેના દર્શને હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

સમગ્ર ઉત્સવમાં ભાઈ-બહેનોના મંડળોએ સેવા કરીને શ્રીહરિ અન ધર્મવંશી પરિવારનો રાજીપો મેળવ્યો હતો.

(કિરણ ભાવસાર)

શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યોને સૂચન

આપણા શ્રી સ્વામિનારાયણ અંકના દેશ-વિદેશના સભ્યોને ખાસ સૂચન છે કે આપનું રહેણાંક બદલો ત્યારે અત્રે નવું સરનામું જણાવવું. પરંતુ તેની સાથે પોતાનો ગ્રાહક નંબર અવશ્ય લખવો. ગ્રાહક નંબર સિવાય સરનામું બદલાશે નહિ તેની ખાસ નોંધ લેવી.

પ્રશ્ન પેટી

આપણા શ્રી સ્વામિનારાયણ અંકના દેશ-વિદેશના સભ્યોને ખાસ સૂચન છે સંજોગો વસાત સપ્ટેમ્બરમાસના અંકમાં પ્રશ્ન પેટી વિભાગ સમાવી શકેલ નથી

આવતા અંકથી આ વિભાગ નિયમિત પણે અચૂક પ્રસિધ્ધ થશે

શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૫૦૦૧/- જાદવ પ્રભુભાઈ જીવાભાઈ ચિ. હેતલબેનની સગાઈ પ્રસંગે માલણપુર
૧૦૧/- મુક્તાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- મીનાબેન જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સરલાબેન ભરત પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- લીનાબેન કીર્તિકુમાર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-અમેરિકા
૧૦૧/- ચંદ્રિકાબેન મહેન્દ્ર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૧૦૧/- રીટાબેન દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સ્નેહા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- રૂચિતા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- જીનલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- હેતવી દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- પુષ્પાબેન હેમરાજ મારવી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- કમળાબેન માધવજી ગોહિલ શ્રીજી પ્રસન્નાર્થે મેઘપર (પૂના)
૧૦૧/- પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૧/- પટેલ કેસરબેન પરસોતમદાસ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા
૧૦૧/- મારવી હેમરાજભાઈ પ્રેમજીભાઈના સ્મરણાર્થે અમદાવાદ
૧૦૧/- મોદી ધવલ મહેન્દ્રકુમાર ધો-૧૦માં પાસ થયો તે નિમિત્તે ટીંટોડણ
૧૦૧/- ડૉ. રાજન મેરઈ ઈ.એન.ટી. સર્જનના અભ્યાસાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ અજીતભાઈ ચુનીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ
૧૦૦/- પટેલ કેવલ અજીતભાઈ નવાગ્રહમાં પ્રવેશ પ્રસંગે ઉવારસદ
૧૦૦/- સભાયા દર્શન કિરણભાઈ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- રાદડીયા દિનેશભાઈ બી. બન્ને પુત્રોને ડીગ્રી - એડમીશન નિમિત્તે અમદાવાદ
૧૫૦/- રામપરીયા બિપીન પોપટભાઈ બી.ઈ. સિવીલ પુરૂ થયું તે નિમિત્તે સુરત
૧૫૦/- રાઠોડ ભાવેશ અરવિંદભાઈ ડિપ્લોમાં સિરામિક પુરૂ થયું તે નિમિત્તે જામસર
૧૦૧/- રાજપરા ભીખાભાઈ મોહનલાલ ચિ. ઈન્દ્રવદનને ત્યાં પુત્ર જન્મપ્રસંગે ઈટાદરા
૨૫૧/- ઠક્કર વિનયકાંત નટવરલાલ ધર્મકુળ વંદના મહોત્સવની સફળતા નિમિત્તે બોપલ
૧૫૧/- પટેલ પ્રદિપભાઈ રસિકભાઈ બી.એ. પ્રથમવર્ષમાં પાસ થયા તે નિમિતે કારીયાણી
૧૫૧/- પટેલ નયંન રસિકભાઈ બી.સી.એ.માં એડમીશન મળ્યુ તે નિમિત્તે કારીયાણી
૧૦૧/- પટેલ રશ્મિકા અશ્વિનભાઈ ચારધામયાત્રા નિમિત્તે અમદાવાદ
૨૦૨/- સોની રૂપાબેન કીર્તિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- મહેતા જીવર્તિકા એલ. જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ રજતકુમાર મહેન્દ્રભાઈ ધો-૧૦માં ૮૪૮કા આવ્યા તે નિમિત્તે ગવાડા
૧૦૧/- પટેલ જયમીન ભૂપેન્દ્રભાઈ બી.બી.એ.માં પાસ થયા તે નિમિત્તે ડાંગરવાવાળા
૧૦૦/- અ.નિ. ઘનશ્યામભાઈ મોતીભાઈ પટેલ બીજી પુણ્ય તિથિ નિમિત્તે નાંદોલ
૧૦૦/- ગાંડાભાઈ ઈશ્વરદાસ શ્રીજી પ્રસન્નાર્થે ગોવિંદપુરાવેડા
૧૦૧/- ઠક્કર માનસી દુષ્યંતભાઈ એસ.વાય.બી.કોમ.માં પાસ થઈ તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ ગોકુળભાઈ સવજીભાઈ સાકરબેનની પુણ્ય વિધિ નિમિત્તે બાપુનગર
૨૦૧/- પટેલ જેઠાભાઈ લાલદાસ- ડિમ્પલ, સંગીતા અને મનન પાસ થયા તે નિમિત્તે ડાંગરવા
૧૦૧/- પટેલ હર્ષદભાઈ ગિરધરભાઈ ધો-૧૨ માં ૮૫ ટકા આવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ચાવડા નરેશકુમાર કે. ચિ. ડૉ. જીગરને સુ.નગરમાં પોસ્ટીંગ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ જીગ્નેશકુમાર ૩૨ માં જન્મદિન પ્રસંગે કલોલ
૧૦૧/- અ.નિ. પટેલ કાશીભાઈ બેચરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લસુન્દ્રા
૧૦૦/- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ સ્વાસ્થ્ય સારુ થયું તે નિમિત્તે બોપલ
૧૦૦/- પટેલ રાજેશકુમાર કેશવલાલ નવા શેડના પ્રારંભ પ્રસંગે વિહારવાળા
૧૫૫/- વાઘેલા હરગોવિંદભાઈ હેરીટેજ હેન્ડી ક્રાફટના ઉદ્‌ઘાટન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પ્રજાપતી બટુકભાઈ માવજીભાઈ ચાર ધામયાત્રા નિમિત્તે બાવળા

૨૦૨/- ગોહેલ જીગ્નેશ પરસોતમભાઈ પુત્ર જન્મતથા ચિ. ધ્યેયના જન્મદિન નિમિત્તે સુરત
૧૫૧/- સોની નગીનદાસ શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાણંદ
૧૦૧/- ઠક્કર ચંપાબેન ચંદુલાલ ૨૪ મી પુણ્ય તિથિ નિમિત્તે કલોલી
૧૦૧/- શુકલ વિવેક ભરતકુમાર એમ.એ.સી.માં પાસ થયા તે નિમિત્તે પ્રાંતિજ
૧૦૦/- ભાવસાર રિતેષ જસવંતરાય એમ.કોમ.માં પાસ થયા તે નિમિત્તે વિરમગામ
૧૦૧/- પરીખ કમલકાન્ત કનુભાઈ વિદેશ યાત્રા નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ અનીલભાઈ પી. તેમના પુત્રને યુ.કે.ના વિઝા મળ્યા તે નિમિત્તે જેતલપુર
૧૦૦/- પટેલ બળદેવભૌઈ કેશવલાલ પૌત્ર અંશને નર્સરીમાં એડમીશન નિમિત્તે અમદાવાદ
૧૫૦/- ભાવસાર પ્રિંસી ભાવિનકુમાર જન્મદિન નિમિત્તે અમદાવાદ
૫૦૦/- અ.નિ. દરજી શાંતિલાલ નાનાલાલ ૫ મી પુણ્ય તિથિ નિમિત્તે સાદરા
૧૦૦/- પંચાલ ઘનશ્યામભાઈ મહેન્દ્રભાઈ એમ.કોમ.માં પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ત્રિવેદી સાત્વિક ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૧/- ત્રિવેદી સૌરભ ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૨૦૧/- જાની હિનાબેન હિતેષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૧/- મોદી નિરલ રમેશચંદ્ર લીલાબેનનો સંકલ્પ પૂર્ણ થયો તે નિમિત્તે મેમનગર
૧૦૧/- ભાવસાર વિશ્વાસ હસમુખભાઈ નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૨૦૦/- પટેલ કૃણાલ પી. પ્રથમપગાર નિમિત્તે અને પાસ થયા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- વંડરા ઘનશ્યામભાઈ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ડોડીયા રમેશભાઈ બેચરભાઈ ચિ. નિરવને બેંકમાં નોકરી મળી તે નિમિત્તે ટીંબા
૧૦૧/- જયની ટ્રેડીંગ કું. કામમળ્યું તે નિમિત્તે મુંબઈ
૧૦૦/- પટેલ નિલેશભાઈ રમણલાલ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે ચાંદીસણા
૧૦૦/- પટેલ હિતેષભાઈ કીર્તિભાઈ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે ચાંદીસણા
૧૦૧/- પટેલ અસ્મિતાબેન તુષારભાઈ જન્મદિન પ્રસંગે અમદાવાદ
૧૦૦/- ચૌહાણ ધર્મેશકુમાર નવિનચંદ્ર ટેમ્પો લાવ્યા તે નિમિત્તે નવસારી
૧૦૦/- પટેલ મનીષ કાંતિભાઈ પુત્ર જન્મપ્રસંગે ઉનાવા
૧૦૧/- પટેલ જનકકુમાર શાંતિલાલ પુત્ર અને પુત્રીના જન્મદિન પ્રસંગે કપડવંજ
૧૦૧/- મોરી યોગેશકુમાર ભલાભાઈ ધો-૧૦ માં ૭૧ ટકા આવ્યા તે નિમિત્તે કાલીયાણા
૧૫૧/- ટાંક નિશા હરિલાલ ડિપ્લોમાં છેલ્લા વર્ષમાં ૮૧ ટકા આવ્યા તે નિમિત્તે મુંબઈ
૧૦૧/- ટાંક નિકુંજ હરિલાલ નેપાળમાં ક્રિકેટ ટુર્નામેન્ટમાં સર્વશ્રેષ્ઠ બોલરનો એવોર્ડ મળ્યો તે નિમિત્તે મુંબઈ
૧૦૧/- સાપરીયા અશોકભાઈ રાઘવજીભાઈ પુત્ર જન્મપ્રસંગે સુરત
૧૦૦/- કાછીયાણી મનીષભાઈ ભવાનભાઈ પુત્ર જન્મપ્રસંગે સુરત
૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૧/- જાદવ સંગીતાબેન ખેંગારભાઈ ચિ. ભાણા મિહીરના જન્મપ્રસંગે માલણપુર
૧૦૦/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- પોરીયા મનસુખભાઈ માવજીભાઈ પુત્ર જન્મપ્રસંગે જામસર
૧૦૧/- મારવી દિપકભાઈ હેમરાજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- સોની કૌશલ એ. શ્રી હરિની કૃપાથી ધો-૧૦ માં પાસ થયો તે નિમિત્તે અમદાવાદ
૨૦૧/- શ્રી સ્વા.મં. બહેનોનું પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાગટ્યોત્સવ પ્રસંગે ગોધાવી
૧૦૦/- ચોટલીયા રતિલાલ ધરમશી ચિ. રાહુલ ધો-૧૨ માં પાસ થયો તે નિમિત્તે મુંબઈ
૧૦૦/- ચોટલીયા શાંતાબેન રતિલાલ ચિ. શ્યામધો-૧૧ માં પાસ થયો તે નિમિત્તે મુંબઈ
૧૦૦/- રાઠોડ વાલજી મુળજી ગુરુ પૂર્ણિમા પ્રસંગે અંધેરી-મુંબઈ
૧૦૦/- પટેલ દિશાબેન સુનીલભાઈ ધો-૧૦ માં પાસ થઈ તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ વિધિબેન બલ્કેશભાઈ ધો-૧૦ માં પાસ થઈ તે નિમિત્તે નાંદોલ
૧૦૧/- મનાણી વનીતાબેન દામજીભાઈ તથા શાંતાબેન ઋષિકેશ યાત્રા નિમિત્તે મુંબઈ
૧૦૧/- રાઠોડ દર્શન જયેશભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે મુંબઈ

૧૦૧/- ઘનશ્યામટ્યુશનના પ્રારંભ પ્રસંગે બાલાસિનોર
૨૦૧/- ટાંક પ્રવિણભાઈ મનસુખભાઈ ચિ. નિયતીના જન્મદિન પ્રસંગે કાંદીવલી-મુંબઈ
૧૦૧/- ટાંક બિપીનભાઈ એમ. ચિ. અંકિત ધો-૮માં પાસ થયો તે નિમિત્તે કાંદીવલી-મુંબઈ
૧૦૧/- ટાંક બિપીનભાઈ એમ. ચિ. નિમિષ ધો-૧ માં પ્રવેશ પ્રસંગે કાંદીવલી-મુંબઈ
૧૦૧/- ગાંગાણી નવિનકુમાર ડી. રાજકોટમાં કરીયાણાની દુકાન કરી તે નિમિત્તે જામસર
૧૦૧/- ટાંક મનોજભાઈ તથા મહેશભાઈ બાબુભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે મીરારોડ
૧૦૧/- સાપરીયા છગનભાઈ રવજીભાઈ ગુરુ પૂર્ણિમા પ્રસંગે વલસાડ
૧૦૧/- સાપરીયા નીલકંઠ છગનભાઈ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે વલસાડ
૧૦૧/- કાચા ઘનશ્યામભાઈ મનજીભાઈ ચિ. નેહાને સ્કુલે બેસાડી તે નિમિત્તે વલસાડ
૧૦૧/- બૂટીયા પરેશકુમાર દાનુભાઈ નવું ડિઝલ એન્જીન લાવ્યા તે નિમિત્તે કાલીયાણા
૨૦૧/- રાણા કેશરીસિંહ રેવાશી પારાયણ પ્રસંગે ધરમપુર ભુંડીયા
૧૦૧/- પટેલ અર્પિત પૂનમભાઈ પી.ટી.સી.માં ૮૨ ટકા આવ્યા તે નિમિત્તે ધનસુરા
૫૦૧/- ઘનશ્યામમંડળ ગુરુ પૂર્ણિમા પ્રસંગે ખણુસા
૧૦૧/- ભાવસાર હિમાદ્રીબેન પ્રહલાદભાઈ ધો-૧૦ માં ફર્સ્ટ ક્લાસ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર પ્રતિક્ષા પ્રહલાદભાઈ મકાનનું કામપૂર્ણ થયું તે નિમિત્તે ચાંદલોડીયા
૧૦૧/- પટેલ વિરાજબેન મુકતેજભાઈ નોકરી મળી તે નિમિત્તે નરોડા
૧૦૧/- પટેલ વલ્લભભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વસઈટીંબા
૧૦૧/- ડાભી દિપાભાઈ બુધાભાઈ ચિ. પ્રકાશ અને પરેશના લગ્ન પ્રસંગે સિંધાલી
૧૦૦/- દરબાર ભગવતસિંહજી રજુજી કરીયાણાની દુકાન કરી તે નિમિત્તે મોખાસણ
૧૦૧/- સુથાર કૃણાલ વિનોદચંદ્ર ધો-૧૨ સાયન્સમાં પાસ થયા તે નિમિત્તે રાબડીયા
૧૦૧/- પટેલ મનોજકુમાર બાબુભાઈ પુત્ર જન્મપ્રસંગે લવારપુર
૧૦૧/- પટેલ માસુમગીરીશભાઈ ધો-૧ માં પ્રથમનંબર પાસ થઈ તે નિમિત્તે ઝુલાસણ
૧૦૧/- કા. ડોલીબેન પિયુષકુમાર ધો-૧૨ માં ૮૧ ટકા આવ્યા તે નિમિત્તે બાલાસિનોર
૧૦૧/- પટેલ હિનાબેન વિશાલકુમાર શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૫૦૧/- એક હરિભક્ત દીકરા અને દીકરીના લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- મોદી વિનોદભાઈ ચિ. સ્વપ્નીલને નોકરી મળી તે નિમિત્તે
૧૦૧/- ભાવસાર લીલાબેન જીવીબેનની પ્રથમપુણ્ય તિથિ નિમિત્તે ગાંધીનગર
૧૫૧/- પટેલ દિપકભાઈ પ્રભુદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે નરોડા
૧૦૧/- પટેલ વિપુલ રણછોડભાઈ ચિ. તીર્થના જન્મદિન નિમિત્તે ઘાટલોડીયા
૨૦૧/- મોદી બંસરી જન્મદિન નિમિત્તે પેથાપુર
૧૦૧/- પટેલ નિરજકુમાર જગદીશભાઈ ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે ડેમાઈ
૧૦૧/- પટેલ પ્રવિણભાઈ મનસુખભાઈ ચારધામયાત્રા પ્રસંગે સુકાટીંબા
૩૦૦/- પટેલ ઘનશ્યામભાઈ મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુકીટાંબા
૧૦૧/- પટેલ જસુભાઈ નારણભાઈ ચિ. ચિરાગને ત્યાં પુત્રીના જન્મપ્રસંગે ખેરોલ
૧૦૧/- પટેલ પરસોતમભાઈ વલ્લભભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા
૧૦૧/- પટેલ રુદ્રા રમેશભાઈ જન્મદિન નિમિત્તે કુહા
૧૫૧/- પટેલ હિરલબેન સચીનભાઈ ચિ. જયનિલ તે સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ પ્રેમસુરેશભાઈ જન્મદિન નિમિત્તે વાવોલ
૧૦૧/- કાછીયા સુકેતુ ગોવિંદભાઈ પુત્રીના જન્મપ્રસંગે બાલાસિનોર
૧૫૧/- મીસ્ત્રી રમાકાન્ત મનહરલાલ બાયપાસ સર્જરી કરાવી તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ અમૃતલાલ પુંજારામનવી ગાડી લાવ્યા તે નિમિત્તે ગોવિંદપુરાવેડા
૧૦૦/- પટેલ કિશન કમલેશભાઈ ઓસ્ટ્રેલીયામાં નવી ગાડી લાવ્યા તે નિમિત્તે અડાલજ
૫૦૧/- ભાવસાર સંદિપ બી., એલ.સી.કેમીસ્ટમાં ફર્સ્ટ ક્લાસ તથા પ્રથમપગાર નિમિત્તેમેઉ
૧૦૧/- ભાવસાર નિરવ નવનીતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મેઉવાળા
૧૦૦/- ઠક્કર તુલસીભાઈ છગનલાલ ચિ. કમલેશના લગ્ન પ્રસંગે ડીસા
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા
૧૦૧/- પંચાલ કનુભાઈ ગોકળદાસ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે કવાંટવાડા
૧૦૧/- પટેલ નિકીતા રસિકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- મકવાણા પુષ્પાબેન અમૃતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પૂના

૧૦૧/- પટેલ કલ્પેશ હિરાલાલ મારૂતિ ફેબ્રીકેશનના ઉદ્‌ઘાટન પ્રસંગે મારૂસણા
૧૦૧/- ભાવસાર મોહુલભાઈ ઘનશ્યામભાઈ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૨૫૧/- પટેલ જીવણભાઈ બી. તેમનાં પુત્રને ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે સોજા
૧૦૦/- પટેલ પરાગભાઈ ઘનશ્યામભાઈ જન્મદિન નિમિત્તે મણીનગર
૧૦૦/- કોઠારી રમણભાઈ ચિ. ભાવિકના જન્મદિન નિમિત્તે બાલવા
૧૦૧/- પટેલ હર્ષદભાઈ ઈશ્વરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મોટા ઉભડા
૧૦૦/- સોની પ્રવિણાબેન શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- વાઘેલા તારાબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા બેરાજબા ભાવસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૨૦૧/- પટેલ શાંતાબેન એન. પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે અડાલજ
૧૦૧/- પટેલ નીરૂબેન બી. પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે અડાલજ
૧૦૧/- પટેલ પ્રવિણાબેન વિનુલાલ શ્રીજી પ્રસન્નાર્થે અડાલજ
૧૦૦/- રાણા પ્રવિણસિંહ વાઘુભા પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે તાવી
૧૦૦/- રાણા સજુભા વાઘુભા પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે તાવી
૨૦૧/- ડાભી રમેશભાઈ કે. પ.પૂ.લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે વાડાધરી
૧૦૧/- પટેલ પારૂલબેન જીતેન્દ્રભાઈ જન્મદિન નિમિત્તે અસલાલી
૧૦૦/- પટેલ હેમંતકુમાર ઘનશ્યામભાઈ ચિ. હેતવીના જન્મદિન પ્રસંગે વિહારવાળા
૧૫૦/- અ.નિ. ઘનશ્યામભાઈ મોતીભાઈ પટેલ ત્રીજી માસિક પુણ્ય તિથિ નિમિત્તે નાંદોલ
૧૦૦/- પટેલ સુજલ અલ્કેશકુમાર જન્મદિન નિમિત્તે નાંદોલ
૨૦૨/- કોઠારી રમેશભાઈ વી. કોકીલા તથા પૂજા અને કિશનના જન્મદિન નિમિત્તે ગવાડા
૧૦૦/- પટેલ રમેશભાઈ મગનલાલ નિવૃત થયા તે નિમિત્તે ઘાટલોડીયા
૧૦૦/- પરમાર રમણીકભાઈ રામજીભાઈ જન્મદિન નિમિત્તે રાજકોટ
૧૦૦/- ટાંક નારણભાઈ પોપટભાઈ ધર્મકુળ વંદના મહોત્સવ સફળતા નિમિત્તે રાજકોટ
૧૦૧/- ભાવસાર જે. જે. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ભાવસાર હરિકૃષ્ણ જે. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ટાંક પ્રેમજીભાઈ પોપટભાઈ ચિ. જયશ્રીબેનની સગાઈ નિમિત્તે રાજકોટ
૫૦૦/- પટેલ ભૂપેન્દ્રભાઈ પ્રભુદાસ ચિ. કેનોયને ત્યાં પુત્રી દિયાના જન્મપ્રસંગે અમદાવાદ
૧૫૧/- ચૌહાણ ઉમંગભાઈ કે. એમ.બી.બી.એસ.માં એડમીશન નિમિત્તે જામસર
૧૦૧/- પટેલ કાંતિભાઈ ડી. શ્રીજી પ્રસન્નાર્થે વડોદરા
૧૦૧/- પટેલ રામાભાઈ ડી. શ્રીજી પ્રસન્નાર્થે વીરપુર
૧૦૧/- કાછીયા કંચનલાલ મણીલાલ નવા મકાનના વાસ્તુ પ્રસંગે લુણાવાડા
૨૫૧/- સોની ભગવતકુમાર વ્રજલાલ ચિ. પુત્ર દર્શનને પી.આર. મળ્યા તે નિમિત્તે અમદાવાદ
૨૫૧/- પટેલ રિષિકુમાર રતિલાલ ચિ. પુત્રી વૃષ્ટિબેનના જન્મદિન નિમિત્તે અમેરિકા (પોર)
૧૦૧/- પટેલ જિંકલ ભરતભાઈ શિક્ષક તરીકેની નોકરી મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- સીતાપરા પાર્થ ગોરધનભાઈ શ્રીહરિની કૃપાથી કેનેડાના વિઝા નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ વસુબેન રાવજીભાઈ ચિ. સાગર ડીગ્રી કોષમાં પાસ થયો તે નિમિત્તે ભાત
૧૦૦/- અ.નિ. નયનાબેન આર. પટેલ રાજનને કોલેજમાં એડમીશન મળ્યું તે નિમિત્તે ભાત
૧૦૧/- ગોકળીયા મંજુલાબેન વિઠ્ઠલભાઈ ચિ. ધૂનના જન્મદિન નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- ખેર ધીરૂભાઈ ઠાકરસીભાઈ ચિ. શિવાનીબેન રાઠોડના જન્મદિન નિમિત્તે બળોલ
૧૦૦/- વરૂ મોહનભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જીરાગઢ
૧૦૧/- ખેર દિનેશકુમાર દિપસંગભાઈ ચિ. સૂર્યદિપના જન્મપ્રસંગે બળોલ-ભાલ
૫૦૧/- ચૌહાણ હરેશભાઈ જી. વૃષભને શ્રી નરનારાયણદેવ સમક્ષ સાકર તુલા નિમિત્તે પૂના
૧૦૧/- મોદી દિલીપકુમાર એન. ડૉ. ગૌરાંગને પી.જી.માં એડમીશન નિમિત્તે મહેસાણા
૧૦૦/- ટાંક જીજ્ઞાબેન મહેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મીરા રોડ
૨૫૧/- સિંધવ દિપક કેશુભાઈને ત્યાં પુત્ર જન્મપ્રસંગે (હાંસોલ) બળોલ-ભાલ
૧૦૧/- પટેલ વિમળાબેન કેશવલાલ શ્રીજી પ્રસન્નાર્થે ભાત
૨૦૦/- ચૌધરી દશરથભાઈ ફતાભાઈ (તા. ૧૬-૭-૦૯) ના સ્મરણાર્થે બાપુપુરા
૧૫૧/- પટેલ મિનેષ ચતુરભાઈ ભગવાનદાસ ગાડી લાવ્યા તે નિમિત્તે ધમાસણાવાળા
૧૦૧/- ભાવસાર સુરેખાબેન રજનીકાંત ચિ. ગોપીબેનના લગ્ન પ્રસંગે અમદાવાદ

૧૦૧/- ચાવડા જગદીશભાઈ તુલસીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુરત
૧૦૦/- પટેલ જીગર અરવિંદભાઈ પુત્ર જન્મપ્રસંગે દહેગામ
૫૦૧/- પટેલ હર્ષદકુમાર મંગળભાઈ પુત્ર જન્મ(૨૧-૫-૦૯) પ્રસંગે ખારોલવાળા
૧૦૦/- ચૌહાણ મહેન્દ્રસિંહ પોપટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ટાંકીયા
૧૧૦/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ શ્રાવણ માસ નિમિત્તે રતનપુર
૧૦૨/- પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પારૂલ તથા જીજ્ઞેશના પુત્ર નીલના જન્મપ્રસંગે રાણીપ
૧૦૧/- પટેલ સંજયકુમાર વાડીભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે . ધનસુરા
૧૦૦/- મીસ્ત્રી જયદિપ દશરથભાઈ જન્મદિન નિમિત્તે આનંદપુરા
૧૦૦/- પટેલ પરેશભાઈ ગાંડાલાલ ભાણાના જન્મપ્રસંગે આનંદપુરા
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સુકાટીંબા
૧૦૧/- નિમિષ કન્ટ્રકશન કું. ટાંકીના કામમાં મૂહુર્ત પ્રસંગે ઉંઝા
૧૦૦/- ચોટલીયા મોહનભાઈ ખોડીદાસ શ્રીજી પ્રસન્નાર્થે નવસારી
૧૦૦/- પટેલ કૃણાલ અશ્વિનભાઈ ઉમિયા મેડીકલના ઉદ્‌ઘાટન પ્રસંગે અમદાવાદ
૧૦૧/- પટેલ પ્રણવ નટવરભાઈ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે રાણીપ

૧૫૧/- પટેલ નટવરભાઈ મંગળદાસ ચિ. પ્રણવના લગ્ન પ્રસંગે વિહાર-રાણીપ
૧૦૦/- ચૌહાણ ભક્તિબેન મિલનભાઈ જન્મદિન પ્રસંગે કલોલ
૫૦૧/- પટેલ વિઠ્ઠલભાઈ તથા નટવરભાઈ કાંતિભાઈના માતુશ્રી સંતોકબેનના સ્મરણાર્થેવડુ
૧૫૧/- પટેલ કિરણકુમાર ડાહ્યાભાઈ નોકરી મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૦૦/- મકવાણા હંસાબેન માધવજીભાઈ રાજકોટમા મકાન લીધુ તે નિમિત્તે અમદાવાદ
૧૫૧/- મહેશકુમાર, વિમલ અને સંજયના જન્મદિન પ્રસંગે અમદાવાદ
૫૦૧/- ડૉ. મનસુખભાઈ એમ. પટેલ ચિ. ધવલને વિઝા મળ્યા તે નિમિત્તે નવાવાડજ
૨૫૧/- પટેલ વિનોદભાઈ કે. શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે અમદાવાદ (સાપાવાડા)
૧૦૦/- પટેલ ઘનશ્યામભાઈ શીવાભાઈ તેમના પુત્રને અમેરિકાના વિઝા નિમિત્તે ઈસણાવ
૧૦૧/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથ ચિ. દેવલની સગાઈ નિમિત્તે કાંકરિયા
૧૦૧/- ઉપાધ્યાય મુકુન્દચંદ્ર જગન્નાથ જન્મદિન નિમિત્તે ઈસનપુર
૨૦૧/- પટેલ ઈશ્વરભાઈ વિઠ્ઠલભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે ગાંધીનગર
૧૩૬૧/- પટેલ હાર્દિકભાઈ જયંતીભાઈ કાનજીભાઈના સ્મરણાર્થે તેજપુરા(અમદાવાદ)
૧૦૧/- મોદી હસમુખલાલ સોમાલાલ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા

અમદાવાદ મંદિરમાં પરંપરાગત સમૂહ શારદા પૂજન

શ્રીજી મહારાજના સર્વે સુજ્ઞ - વ્હાલા હરિભક્તોને સહર્ષ જણાવવાનું જે, સર્વાવતારી શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પરમપૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્‌ હસ્તે વિદ્વાન પંડિતો દ્વારા અમદાવાદ મંદિરના પ્રસાદીના સભા મંડપમાં આસો વદ-૧૪ તા. ૧૭-૧૦-૨૦૦૯ શનિવારના રોજ *સાંજે ૬-૦૦* કલાકે સમૂહ શારદા પૂજન - ચોપડા પૂજન વેદ વિધિસર શાસ્ત્રોક્ત રીતે ધામધૂમથી સંપન્ન થશે. શારદા પૂજનમાં લાભ લેવા ઈચ્છતા ધર્મપ્રેમી વહેપારીઓએ પોતાના ચોપડા નંગ-૨ નામસરનામું ફોન નંબરના સ્ટીકર સાથે લાલ કપડામાં બાંધીને કોઠારમાં જમા કરાવી પાકી પહોંચ મેળવી લેવી.

ચોપડા સ્વીકારવાની છેલ્લી તા. ૧૫-૧૦-૨૦૦૯ છે. ત્યારબાદ ચોપડા સ્વીકારવામાં નહી આવે તેની નોંધ લેવી.
(કોઠારી સ્વામી)

અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

ઉનાવા : પ.ભ. મહેશભાઈ નારણભાઈ પટેલ અષાઢ સુદ-૧૪ના (યુવાન વયે) શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. અંબાલાલ પુરૂષોત્તમદાસ પંચાલ (ઉનાવાવાળા) તા. ૮-૮-૦૯ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વડુ (તા. કડી) : પ.ભ. સંતોકબેન કાંતિલાલ પટેલ તા. ૩-૮-૦૯ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


અમદાવાદ : પ.ભ. કાંતાબેન રમણલાલ દરજી (શ્રી યોગેશભાઈ દરજી (યુવક મંડળના સભ્ય) ના માતુશ્રી) તા. ૨૭-૭-૦૯ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મણીપુરવાળા (તા. કડી) : પ.ભ. ભીખાભાઈ શીવલાલ પટેલ તા. ૨૧-૭-૦૯ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



ચેરીહીલ મંદિરમાં શિવપૂજન




ચેરીહીલ મંદિરમાં હિંડોળા દર્શન (અમેરિકા)



કલિવલેન્ડ (અમેરિકા) આપણા મંદિર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પ-આશીર્વાદથી ભારતીય પરંપરાની શિલ્પ સ્થાપત્ય કલાના બેનમૂન નમૂના રુપ બની રહ્યું છે. જેમાં પ.ભ. પ્રકાશભાઈ પટેલ ઉંડો રસ લઈ રહ્યા છે.




આટલાન્ટા (આઈ.એસ.એસ.ઓ.) ચેપ્ટરમાં બહેનોની સમૂહ મહાપૂજા.




એલ.એ. (યુ.એસ.એ.) મંદિરમાં ચલણના કલાત્મક હિંડોળા દર્શન



વિરમગામબહેનોના મંદિરમાં હિંડોળા દર્શન.



બોસ્ટન મંદિરમાં હિંડોળા દર્શન



સીડની મંદિરમાં હિંડોળા દર્શન.



ધરિયાવદ (રાજ.) મંદિરમાં શ્રાવણ માસમાં ઠાકોરજીના અલૌકિક દર્શન.

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003 9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011



બોસ્ટન મંદિરમાં ઠાકોરજીનો પાટોત્સવ-અભિષેક કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી



લેસ્ટર મંદિરમાં પાટોત્સવ
પ્રસંગે ઠાકોરજીનો
મહાભિષેક કરતા પ.પૂ.ધ.ધુ.
આચાર્ય મહારાજશ્રી અને
પ.પૂ. લાલજી મહારાજશ્રી

JAGADISH OFFSET

Praful Kharsani